RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 322, Dt.05-03-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# લોકસભા ચૂંટણીનો એપ્રિલના બીજા સપ્તાહથી પ્રારંભ

## ચૂંટણી પંચ દ્વારા ૧૪ અથવા ૧૫ માર્ચે લોકસભાની ચૂંટણીની જાહેરાત થવાની સંભાવનાઃ ૭ તબક્કામાં દેશમાં યોજાશે ચૂંટણીઃ રાજ્યોની તૈયારીના આકલન બાદ તારીખ જાહેર કરાશેઃ હાલમાં આયોગ સામાન્ય ચૂંટણીઓની તૈયારીઓનું મુલ્યાંકન કરવા રાજ્યનો પ્રવાસ કરી રહ્યું છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ચૂંટણીપંચ ૧૪-૧૫ માર્ચે લોકસભા ચૂંટણીની જાહેરાત કરી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીની તર્જ પર આ વખતે પણ ૭ તબક્કામાં જ ચૂંટણી યોજવામાં આવી શકે છે. એવા સમાચાર છે કે એપ્રિલના બીજા સપ્તાહમાં પ્રથમ તબક્કાનું મતદાન થઈ શકે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ચૂંટણીપંચ આગામી સપ્તાહે કોઈપણ દિવસે લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી શકે છે. હાલમાં આયોગ સામાન્ય ચૂંટણીની તૈયારીઓનું મૂલ્યાંકન કરવા માટે ઘણાં રાજ્યોના પ્રવાસ પર છે. પંચ તમામ રાજ્યોમાં તૈયારીઓનું આકલન કર્યા પછી જ ચૂંટણીની તારીખો જાહેર કરશે.




સૂત્રોએ જણાવ્યું હતું કે ચૂંટણીપંચની ટીમ હાલમાં પશ્ચિમ બંગાળમાં છે. આ પછી ટીમ ઉત્તરપ્રદેશ અને પછી જમ્મુ-કાશ્મીરનો પ્રવાસ કરશે. મળતી માહિતી મુજબ ચૂંટણી અધિકારી ૧૩ માર્ચ સુધીમાં તેમનો પ્રવાસ પૂર્ણ કરશે. દરમિયાન ચૂંટણીપંચ તમામ રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓ સાથે સતત બેઠકો કરી રહ્યું છે.

ચૂંટણીપંચ આગામી લોકસભા ચૂંટણીના મુક્ત અને ન્યાયી સંચાલન માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (અઈ) ટેક્નોલોજીનો ઉપયોગ કરી શકે છે. આ માટે કમિશન એક વિભાગ પણ બનાવી શકે છે, જે સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ પર ખોટી માહિતીને ઓળખશે અને દૂર કરશે.

ચૂંટણીને ધ્યાનમાં રાખીને તમામ રાજકીય પક્ષો પણ પોતપોતાની તૈયારીઓમાં વ્યસ્ત છે. ચૂંટણીની તારીખોની જાહેરાત પહેલાં જ અનેક પક્ષોએ પોતાના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. શાસક ભાજપે તાજેતરમાં ૧૯૫ બેઠક માટે તેના ઉમેદવારોની જાહેરાત કરી છે, સાથે જ આમ આદમી પાર્ટી, સમાજવાદી પાર્ટી અને રાષ્ટ્રીય લોકદળે પણ પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી છે.

લોકસભા ચૂંટણી માટે ભાજપની પ્રથમ યાદી શનિવારે જાહેર કરવામાં આવી હતી, જેમાં ૧૯૫ ઉમેદવારનાં નામ છે. વડાપ્રધાન મોદી વારાણસીથી ચૂંટણી લડશે. બે પૂર્વ મુખ્યમંત્રીને ટિકિટ આપવામાં આવી છે, જેમાં ૨૮ મહિલાઓ, ૪૭ યુવાનો, ૨૭ એસસી, ૧૮ એસટી અને ૫૭ ઓબીસી ઉમેદવારો સામેલ છે.

આ યાદીમાં ઉત્તરપ્રદેશની ૫૧, પશ્ચિમ બંગાળની ૨૦, મધ્યપ્રદેશની ૨૪, ગુજરાતની ૧૫, રાજસ્થાનની ૧૫, કેરળની ૧૨, તેલંગાણાની ૯, આસામની ૧૧, દિલ્હીની ૫, જમ્મુ-કાશ્મીરની ૨ . ઉત્તરાખંડની ૩. અરુણાચલની ૨, ગોવાની ૧, ત્રિપુરાની ૧, આંદામાનની ૧, દમણ અને દીવની ૧ બેઠક સામેલ છે.

# ખેડૂત આંદોલન ગંભીર બાબતઃ પબ્લીસીટી સ્ટંટ સ્વીકાર્ય નહીંઃ સુપ્રીમ કોર્ટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પંજાબ સહિતના રાજયોમાં ચાલી રહેલા ખેડુત આંદોલન પર વાંધાજનક ટીપ્પણી કરનાર સામે પગલા લેવાની માંગણી સાથેની એક રીટ અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી હતી અને કહ્યું હતું કે ખેડુત આંદોલન એક ગંભીર બાબત છે તેમાં ફકત પ્રસિદ્ધિ માટે જ આ પ્રકારની અરજીઓ સાંભળી શકાય નહી.





સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ સુર્યકાંતની ખંડપીઠે આ અંગેની જાહેર હિતની અરજી ફગાવી હતી અને અરજદારને પૂછયું હતું કે અહી આવવાની જરૂર શું છે. અગાઉથી અદાલતોમાં અલગ અલગ રીતે સુનાવણી ચાલી રહી છે.

પરંતુ અરજદારે સુપ્રીમ કોર્ટને એક ઓથોરીટી ગણાવીને આદેશ આપવા વિનંતી કરી હતી અને લોકો ખેડુત અને શિખો પર જે વાંધાજનક ટીપ્પણી કરી રહ્યા હોવાનો આરોપ મુકતા કહ્યું કે સર્વોચ્ચ અદાલતે તે રોકવી જોઈએ. પરંતુ સુપ્રીમકોર્ટે તે ફગાવતા કહ્યું કે ફકત પબ્લીસીટી માટે જ આ પ્રકારની અરજી કરવી જરૂરી નથી. અખબારો કે અન્ય માધ્યમથી જે કાંઈ આવે તે લઈને તમે અહી પહોંચી જાવ છો પરંતુ અમે તેને સ્વીકારશું નહી.

# માર્ચમાં ઈન્કમટેક્સ ભરતા પહેલા કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જરૂરી અન્યથા પગારમાંથી કપાશે ટેક્સ

## સરકારી યોજના સાથે કેટલાક મ્યુચુઅલ ફંડમાં રોકાણ કરીને ટેક્સ બચાવી શકો છોઃ રાષ્ટ્રીય પેન્શન યોજના હેઠળ તમે ટેક્સની બચત કરી શકો છો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

માર્ચનો મહિનો આવી ગયો છે અને એવામાં દરેક લોકો ટેક્સ બચાવવાનો પ્લાનિંગ કરતાં હોય છે. જો તમે નોકરી કરો છો અને ટેક્સ બચાવવા ઈચ્છો તો અત્યારથી એલર્ટ થઈ જાઓ. જો તમે અત્યાર સુધી ટેક્સ સેવિંગને લઈને પ્લાનિંગ નથી કર્યો તો માર્ચ મહિનામાં તમારા પગાર કપાઈને આવશે. તમારે ટેક્સ બચાવવા માટે સમય પહેલા રોકાણ કરવું જરૂરી છે.

તમે સરકારી યોજના સાથે કેટલાક મ્યુચુઅલ ફંડમાં રોકાણ કરીને ટેક્સ બચાવી શકો છો. જેમ કે, નેશનલ પેન્શન સિસ્ટમ, સુકન્યા સમૃદ્ધિ યોજના, ડ્ડક્ર જેવી કેટલીક યોજનામાં રોકાણ કરીને ટેક્સ બચાવી શકો છો.

રાષ્ટ્રીય પેન્શન યોજના હેઠળ તમે ટેક્સની બચત કરી શકો છો. જેમા તમને કલમ ૮૦ સી હેઠળ ટેક્સમાં રાહત મળે છે. આમા તમને ૧.૫ લાખ સુધીની આવક પર ટેક્સમાં રાહત મળે છે. આ સિવાય તમે વધુમાં વધુ ૫૦૦૦૦ રુપિયાનું રોકાણ કરી શકો છો કલમ




80CCD(1D) હેઠળ તમે રોકાણ કરી શકો છો.

આ ઉપરાંત તેના અન્ય લાભ પણ છે, રાષ્ટ્રીય પેન્શન યોજના એક સ્વૈચ્છિક નિવૃત્તિ બચત યોજના છે. કોઈ વ્યક્તિને તેમની નિવૃત્તિ દરમિયાન રિટર્ન બચાવવા અને આનંદ સાથે તેમની જરૂરીયાતો પૂરી કરવામાં મદદ કરે છે. આ સ્કીમમાં ૬૦ વર્ષ પૂરા થયા પછી એક ફિક્સ રકમ માસિક પેન્શન તરીકે મળે છે. એટલે કે ૬૦ વર્ષ બાદ તમારે કોઈના ઉપર નિર્ભર રહેવાની જરુર નહીં રહે.

તમે તમારી દિકરીના નામે સુકન્યા સમૃદ્ધિ એકાઉન્ટ ખોલાવી શકો છો. સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળ વધુમાં વધુ ૧.૫ લાખ રૂપિયા જમા કરાવી શકાય છે. સુકન્યા સમૃદ્ધિ યોજનામાં રોકાણ કરીને આવકવેરા કાયદાની કલમ 80C હેઠળ ટેક્સમાં છૂટ મેળવી શકાય છે. જે અંતર્ગત તમે ૧.૫ લાખ રૂપિયા સુધીના વાર્ષિક રોકાણ પર ટેક્સ છૂટ મેળવી શકો છો. આ ઉપરાંત તેમા ૮.૨ ટકા પ્રમાણે વ્યાજ મળે છે.

પીપીએફમાં રોકાણ કરીને તમે ટેક્સ બચાવી શકો છો. તેના પર ૭.૧ ટકાના દરે વ્યાજનો ફાયદો મળે છે. પબ્લિક પ્રોવિડન્ટ ફંડ સ્કીમમાં ૮૦સી હેઠળ ટેક્સમાં છૂટનો લાભ મળે છે. તેનો લોક-ઈન પ્રીરિયડ ૧૫ વર્ષનો હોય છે. ટેક્સ બચાવવા માટે તમે સિનિયર સિટીઝન સેવિંગ સ્કીમમાં પૈસા રોકી શકો છો. આ સ્કીમ લોકોને ઘણી પસંદ આવી રહી છે. તમે પોસ્ટ ઓફિસ દ્વારા આમાં રોકાણ કરી શકો છો. આ યોજનામાં કરેલા રોકાણને ૮૦ઈ હેઠળ ટેક્સમાં છૂટ મળે છે. આ સ્કીમ હેઠળ તમે વધુમાં વધુ ૧.૫ લાખ રૂપિયા સુધીનું રોકાણ કરી શકો છો.

# દેશના નવ લાખ બેંક કર્મચારીઓ માટે ગુડ ન્યૂઝ, બેંકોમાં શનિ–રવિની રજાનો નિયમ જૂનથી લાગુ થવાની સંભાવના

## બેંક કર્મચારીઓ માટે ૫ દિવસ કામકાજનું વીક અને ૧૫ ટકા પગાર વધારો જૂન ૨૦૨૪થી લાગુ લાગુ પડે તેવી શકયતા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સરકારી અને જૂની પ્રાઈવેટ બેંકો તેમના કર્મચારીઓ માટે લગભગ ૧૫ ટકા પગાર વધારો કરવાની વાતચીત કરી રહી છે. આ સાથે થોડા દિવસોમાં અઠવાડિયામાં પાંચ દિવસ કામ કરવાનો નિયમ પણ લાગુ કરવાનો વિચાર કરી રહ્યા છે. ૫- દિવસનું કાર્યકારી સપ્તાહ એ માંગ છે, બેંકોના કર્મચારીઓ લાંબા સમયથી કરી રહ્યા હતાં. ટીઓઆઈ મુજબ સરકાર આ વર્ષે બેંક કર્મચારીઓને ૫ દિવસના કામકાજના વીકની લાંબા સમયથી માંગણી ચાલી રહી હતી, તેને મંજૂરી મળી શકે તેમ છે. આ દરખાસ્ત પર નાણા મંત્રાલયની મંજૂરી બાદ તેને મંજૂરી મળી શકે છે. બેંક કર્મચારીઓ માટે ૫ દિવસ કામકાજનું વીક



અને ૧૫ ટકા પગાર વધારો જૂન ૨૦૨૪થી લાગુ થવાની સંભાવના રહેલી છે.

એક રિપોર્ટ મુજબ બેંક કર્મચારી યુનિયનો સાથે ગઠબંધન યૂનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયનના નાણા મંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખીને બેંકિંગ સેક્ટર માટે ૫ દિવસ વર્કિંગ વિક લાગુ કરવાની રજૂઆત કરવામાં આવી હતી.

જો કે હાલમાં બેંક બીજો અને ચોથો શનિવાર બંધ રહે છે. ૨૦૧૫થી બેંક યુનિયનોએ દરેક શનિવારની બેંકોમાં રજા જાહેર કરવાની માંગ શરુ કરી હતી. ૨૦૧૫માં થયેલા દ્વિપક્ષીય કરાર હેઠળ, આરબીઆઈ અને સરકાર બીજા અને ચોથા શનિવાર રજા આપવા માટે સહમત થયા હતા.

જો કેન્દ્ર સરકાર મંજૂરી આપે તો, દરેક સરકારી અને કેટલાક જૂના ખાનગી બેંકોના તમામ કર્મચારીઓને પગાર વધારાનો લાભ મળશે. જેમા ખાનગી બેંકોના ૩.૮ લાખ અધિકારીઓ સહિત લગભગ ૯ લાખ કર્મચારીઓને તેનો લાભ મળશે. આ બાબતે સુત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે ૭ ડિસેમ્બર ૨૦૨૩ની વાતચીત બાદ IBA અને બેંક કર્મચારી યુનિયનો દ્વારા કરવામાં આવેલ MOU માં કુલ ૧૮૦ દિવસોની અંદર પગારમાં ફેરફાર કરવાની વાત થઈ રહી છે.

# ગુજરાતમાં ભારત જોડો ન્યાય યાત્રા પહેલા કોંગ્રેસ છોડો યાત્રાનો પ્રારંભ

## પૂર્વ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા, કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર અને મુળુ કંડોરિયાએ ધારણ કર્યો કેસરિયોઃ ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે ભાજપનો ખેસ અને ટોપી પહેરાવી વિધિવત રીતે કર્યુ સ્વાગત

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગતરોજ ૪ માર્ચે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર અને પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ કોંગ્રેસના તમામ સભ્ય પદેથી રાજીનામું આપ્યું હતું. ત્યારે આજે કમલમ ખાતે કેસરીયા કર્યા છે. તો બીજી બાજુ મુળુ કંડોરિયાએ રાજીનામું આપી ભાજપમાં જોડાયા છે. પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે ભાજપનો ખેસ-ટોપી પહેરાવી વિધીવત રીતે સ્વાગત કર્યું છે.

મોઢવાડિયા અને અંબરીશ ડેરને ભાજપમાં જોડ્યા બાદ ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે જણાવ્યું કે, વિકાસના નામે જીતાય નહિ એમ કહેનારા લોકોને પરિણામ સમયે ખ્યાલ આવે છે કે લોકો વિકાસ ઈચ્છે છે. મોદીએ ૪ સેક્ટર પસંદ કર્યા. મહિલાઓ આજે મોદી પર વિશ્વાસ કરે છે કેમ કે તેમને હક અપાવ્યા છે. આખા વિશ્વમાં જો યુવાનોની જવાબદારી લીધી હોય તો એ મોદી છે. ખેડૂતોના ખાતામાં ૬ હજાર રૂપિયા જમા કરાવ્યા. ગરીબો માટે સહાય યોજનાના દરવાજા ખોલી ગરીબી રેખામાંથી બહાર લાવ્યા. ૧૪૦ કરોડમાંથી ૨૫ કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે. વિકસિત દેશોને પણ લાગે છે કે હવે ભારતને રોકી શકાય એમ નથી. લોકોને મદદ કરવાની ભાવના સાથે રાજકીય કારકિર્દી શરૂ કરી છતાં નિરાશ થયા હશો અને એટલે જ આજે ભાજપમાં લોકો જોડાઈ રહ્યા છે તે તમામનું સ્વાગત છે.

પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેરે ભાજપમાં જોડાયા બાદ જણાવ્યું કે, ૨૦૦૩થી ૨૦૧૦ સુધી સક્રિય રાજકારણમાં યુવા મોરચામાં કામ કર્યું છે. ૨૦૦૩-૧૦ સુધી ભાજપના એટલા કાર્યક્રમો સોંપ્યા હતા. વન બુથ ટેન યુથનો એક કાર્યક્રમ હતો. એ સમયે મેં અમરેલી વિસ્તારમાં પાયલોટ પ્રોજેક્ટ કરી લોકોને જોડ્યા હતા. જો કે એ સમયે સ્થાનિક નેતા સાથે માથાકુટ થતા પાર્ટી છોડી હતી. ૨૦૧૭માં કોંગ્રેસે મને ટિકિટ આપતાં એ પક્ષમાંથી લડ્યો હતો. ૩ વખત પાટિલે








મને અલગ અલગ રીતે આમંત્રણ આપ્યુ હતું. કોંગ્રેસના મોવડી મંડળને નજીકના લોકોએ જે રીતે ગેરમાર્ગે દોર્યા અને એ સમયે મારા સહિત અનેક લોકોને ન ગમ્યું.

ડેરે આગળ કહ્યું કે, ખાસ કરીને મારા પરિવારના પણ સભ્યો નારાજ થયા હતા. કોઈને દોષ નથી આપવા, ખરાબ નથી બોલવું. રાજનિતીમાં કામ કરવા આવ્યા છીએ. મારા માતાની તબિયત ખરાબ છે એટલે સી.આર. પાટીલ ઘરે આવ્યા હતા. રાજુલા મતસભા વિસ્તારમાંથી પણ આગામી સમયમાં લોકો જોડાશે. ૨૦૦૪માં આખા ગુજરાતમાં નગરપાલિકાના સૌથી નાની વયે પ્રમુખ તરીકે મોદી સાહેબે મારું સન્માન કર્યું હતું. આગામી સમયમાં I WANT TO PROVE MYSELF. પાર્ટી જે જવાબદારી સોંપશે એમાં પ્રામાણિકતા સાથે આગળ વધીશ.

ભાજપમાં જોડાયા બાદ કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુ મોઢવાડિયાએ જણાવ્યું કે, મેં અને અંબરીશભાઈએ ગઈકાલે જ પાર્ટી છોડવાનો નિર્ણય કર્યો. દેશની આઝાદી પહેલા દેશની પ્રજા, નાગરીકો, ક્રાંતિકારીઓ તમામ મહાત્મા ગાંધીની આગેવાનીમાં એકત્ર થયા અને રાજકીય આઝાદી મેળવવાનું લક્ષ્ય હતું પણ સામાજિક અને આર્થિક આઝાદી મેળવવાની બાકી છે. એ સપનું આજે પણ અધુરું લાગે છે. એ સમયે ગાંધી અને સરદાર નેતૃત્વ કરતા હતા. જ્યારે આજે મોદી-શાહ નેતૃત્વ કરે છે. વિકસિત ભારતનું સપનું લઈને કામ કરે છે. દેશમાં બદલાવ લાવી મહાસત્તા તરીકે સ્થાપવાનું સપનું મોદીએ જોયું છે એટલે તેની પર મોદી-શાહ કામ કરે છે. એ સમયે પણ તમામ વર્ગના લોકો એક છત નીચે ભેગાં થયા હતા. આ વખતે નરેન્દ્ર ભાઈની આગેવાની હેઠળ તમામ નાગરિક એક થઈને જોડાયા છે. કોંગ્રેસના કપરા સંજોગોમાં નેતૃત્વ કર્યુ છે.

તેઓએ આગળ કહ્યું કે, જો કોઈ સ્વાર્થ હોત તો એ સમયે જ જોડાયા હતા. ભાજપ પાસે ૧૫૬ રેકોર્ડ બ્રેક બેઠક છે. લોકસભામાં બહુમતી છે. કંઈ ખુટે છે અને ઉમેરવા આવ્યો છું એમ નહિ પણ રાજનીતિમાં આવી સામાજિક અને આર્થિક બદલાવ લાવવાનું સપનું જોયું હતું. અત્યારે એ પક્ષમાં એનજીઓ જેવી હાલત છે. અમે બદલાવ લાવી શકીએ એમ નહોતા અને ભાજપમાં મને આ સપનું સાકાર થતું હોય એમ લાગે છે એટલે ભાજપમાં જોડાયો છું. ફરીથી કહું છું કે, જ્યારે કોંગ્રેસ છોડે ત્યારે અલગ અલગ એજન્સીના નામ આપે છે પણ મારા સહિત કોંગ્રેસ છોડનારા તમામ આગેવાનોને ક્યારેય ડર બતાવ્યો નથી. ખિસકોલીની જેમ યોગદાન આપવાનું નક્કી કર્યું છે. આગામી સમયમાં વિસ્તારના આગેવાનો જે જોડાવા માંગતા હશે તો પ્રદેશ પ્રમુખની પરવાનગી લઈ તેમને જોડીશું. મોદી-શાહનો આભાર કે મારા જેવા વ્યક્તિનો સ્વીકાર કર્યો. મારી શક્તિ કમિટમેન્ટ સાથે ઉપયોગમાં લઈશ. બમણી શક્તિથી કામ કરીશ. લોભ-લાલચ વગર પક્ષમાં જોડાયો છું.

# જામનગર જિલ્લા સરકારી પુસ્તકાલયનું રૂ.૧ કરોડના ખર્ચે સ્માર્ટ લાઈબ્રેરીમાં પરિવર્તન કરાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ,રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતઓ વિભાગ, ગ્રંથાલય ખાતા હસ્તકની સરકારી જિલ્લા પુસ્તકાલય- જામનગર તા. ૧૪-૦૩-૧૯૬૨ થી જામનગરની જાહેર જનતા માટે કાર્યરત છે. આ લાઈબ્રેરીને વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂા. એક કરોડના ખર્ચે સ્માર્ટ લાઈબ્રેરી બનાવવાની કામગીરી પૂર્ણ થયેલ છે. તા. ૦૬-૦૩-૨૦૨૪ ને બુધવાર ના રોજ નવી બનેલ સ્માર્ટ લાઈબ્રેરી તથા ઈ-લાઈબ્રેરી નું ઉદઘાટન સંસદ પૂનમબેન માડમના હસ્તે સવારે ૧૦:૦૦કલાકે કરવામાં આવશે.નવી બનેલી સ્માર્ટ લાઈબ્રેરીમાં શરૂ કરેલ સુવિધાઓ.પુસ્તક આપે- લે વિભાગ આ વિભાગમાં ગુજરાતી,હિન્દી અને અંગ્રેજી ભાષાના ૭૦,૦૦૦ હજાર થી તમામ પુસ્તકો કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે. વાચકોને પુસ્તક વધારે પુસ્તકોનો ખજાનો શોધવા કોમ્પ્યુટરમાં (OPAC) સીસ્ટમની સુવિધા. વિદ્યાર્થી વાચનાલય વિભાગ વિદ્યાથીઓ અને વિદ્યાર્થીનીઓ માટે અલગ અલગ રૂમોની બેઠક વ્યવસ્થા.

તમામ ફર્નિચર નવું અને આધુનિક મૂકવામાં આવેલ છે ઉપરોકત રૂમમાં ૮,૦૦૦ થી વધારે સ્પર્ધાત્મક પરિક્ષાને લગતા પુસ્તકોની વ્યવસ્થા રાખવામાં આવી છે.સંદર્ભ વિભાગ.આ વિભાગમાં પી.એચ.ડી.તથા ઉચ્ચ અભ્યાસમાં સંસોધન કાર્યમાં મદદરૂપ થાય.તેવા ૨,૦૦૦ થી વધારે પુસ્તકોની વ્યવસ્થા કરવામાં આવી છે.

બાળ વિભાગ નાના બાળકો માટે બાળ પુસ્તકો સાથે નવા ફર્નિચર ની વ્યવસ્થા ઉભી કળવામાં આવી છે. સર્કિંગ ઝોન વિભાગ.આધુનિક કોમ્પ્યુટર સાથે પુસ્તક-વાચન માટેની ઈ-લાઈબ્રેરીની વ્યવસ્થા.સિનિયર સિટીજિન વિભાગ ૧૫ થી વધારે ન્યુઝ પેપર અને ૪૦ થી વધારે મેગેઝીન સાથે આરામ દાયક ફર્નિચરની વ્યવસ્થા.

એ.વી.રૂમ વિભાગ ૮૩. નું સ્માર્ટ ડીઝીટલ TV,AC સાથે સાઉન્ડપ્રૂફ કોન્ફરન્સ રૂમ ની વ્યવસ્થા રાખવામાં આવી છે.C.C.T.V. કેમેરા ૨૦ થી વધારે C.C.T.V. કેમેરાથી લાયબ્રેરી સુરક્ષિત કરવામાં આવેલ છે.પુસ્તકાલયના તમામ વિભાગોમાં આકર્ષિત દિવાલોમાં રંગરોગાન, પુરતી LED લાઈટો, પંખાઓ, R.O. પ્લાન સાથે પીવાના પાણી માટે ના કુલર ની વ્યવસ્થા, લાઈબ્રેરીના બહારના કમ્પાઉન્ડમાં સિમેન્ટ બાકડાની બેઠક વ્યવસ્થા કરવામાં આવેલ છે. અત્યાધુનિક લાઇબ્રેરીની સુવિધાથી જામનગરના વિદ્યાર્થીઓ તેમજ વાચકોને ઘણો ફાયદો થશે.

# મોરબી જીલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક આગામી ૧૫ માર્ચના મળશે

## બેઠકમાં રજૂ થયેલા પ્રશ્નો અને તેની સુનાવણી તેમજ સમીક્ષા હાથ ધરાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા સંકલન સહ ફરિયાદ સમિતીની બેઠક આગામી તા.૧૫ માર્ચ ૨૦૨૪ ના રોજ બપોરના ૦૩:૦૦ કલાકે કલેકટર કચેરીના સભાખંડમાં યોજાશે. આ બેઠકમાં ફરિયાદ સમિતિમાં રજૂ થયેલા પ્રશ્નો અને તેની સુનાવણી તેમજ સમીક્ષા કરાશે. સંકલન સમિતિની બેઠકમાં રજૂ થયેલ પ્રશ્નોની સમીક્ષા અને સંકલન સમિતિના ૧ થી ૬ પત્રકોની સમીક્ષા કરવામાં આવશે.

# વિશ્વ વન્યજીવ દિવસની ઉજવણી

## જામનગર વન વિભાગ દ્વારા ચિલ્ડ્રન હોમના બાળકોએ અર્બન વાઈલ્ડ લાઈફ સેન્ટર ઠેબાની મુલાકાત લીધી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર વિશ્વ વન્યજીવ દિવસની ઉજવણીના ભાગરૂપે જામનગર વન વિભાગના જામનગર રેન્જ સ્ટાફ દ્વારા ચિલ્ડ્રન હોમના બાળકોને અર્બન વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન ચેલેન્જીસ પર વક્તવ્ય આપી વન્ય જીવન અને વન સંપદા વિશેની વિગતવાર સમજ અપાઈ હતી. અને આપણી આસપાસ વસતા વન્યજીવોની સારવાર અને ચિકિત્સા પદ્ધતિ વિશે પણ બાળકોને વિસ્તારપૂર્વક માહિતગાર કરાયાં હતા અને આપણે કઈ રીત વન્ય જીવોને તથા પર્યાવરણને મદદરૂપ થઈ શકીએ તે બાબતે સમજ અપાઈ હતી.બાળકો નજીકથી વન વૈભવને જાણી શકે તે હેતુથી જામનગર વન વિભાગની ઠેબા ખાતે આવેલ અર્બન વાઈલ્ડ લાઈફ ઈન્ફર્મરી એન્ડ ટ્રીટમેન્ટ સેલ સ્થળની પણ આ બાળકોને મુલાકાત કરાવાઈ હતી.

# જામનગરના પાણાખાણ વિસ્તારમાં અગાસી પર રમી રહેલા દસ વર્ષના બાળકને વિજ આંચકો લાગતાં દાઝી ગયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ગોકુલનગર પાણાંખાણ શેરી નંબર ૧૦ માં રહેતા પરપ્રાંતીય પરિવારના ૧૦ વર્ષના બાળકને પોતાના મકાનની અગાસી પર રમતાં રમતાં એકાએક વિજ આંચકો લાગ્યો હતો, અને દાઝી ગયો હોવાથી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયો છે.આ બનાવની વિગત એવી છે કે મૂળ બિહાર રાજ્યના વતની અને હાલ જામનગરમાં પાણાખાણ વિસ્તારમાં શેરી નંબર ૧૦ માં હમીરભાઇ આહીરના મકાનમાં ભાડેથી રહેતા રામજીભાઈ હળદરભાઈ કુરમીનો ૧૦ વર્ષનો પુત્ર મનીષ કે જેને પોતાના મકાનની અગાસી પર રમતો હતો, જે દરમિયાન ઇલેક્ટ્રીક લાઈનમાંથી એકાએક વિજ આંચકો લાગ્યો હતો, અને શરીરે દાઝી ગયો હતો.આથી તેને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે પોલીસને જાણ કરાતાં સીટી સી. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ એન.બી.સદાદીયા એ જાણવા જોગ નોંધ કરી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે, અને બાળકના પિતાનું નિવેદન નોંધ્યું છે

# મોરબી-રાજકોટ હાઇ-વે ઉપર આવેલ ભંગારના ડેલામાં લાગી ભીષણ આગ

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી-રાજકોટ હાઇવે પર આવેલ શનાળા ગામ નજીક ભંગારના ડેલામાં ભીષણ આગ લાગવાનો બનાવ બન્યો હતો. જે આગ બનાવની મોરબી ફાયર વિભાગને જાણ કરતા ફાયર બ્રિગેડ ટીમ ઘટનાસ્થળે દોડી આવી આગ પર કાબુ મેળવવા પ્રયાસ હાથ ધર્યા હતા.

મળતી માહિતી મુજબ મોરબી રાજકોટ હાઇવે પર આવેલ શનાળા ગામ નજીક નવી બની રહેલી મેડિકલ કોલેજ સામે આવેલ ભંગારના ડેલામાં કોઈ કારણોસર આગ લાગી હતી. આગ લાગવાનો બનાવમાં જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ત્યારે આજુબાજુથી લોકોના ટોળે ટોળા એકત્રિત થઇ ગયા હતા. જેથી આ બનાવ અંગે મિરબી જીલ્લા ફાયર વિભાગમાં જાણ કરાઈ હતી. ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી જઈ લાગેલ વિકરાળ આગ પર કાબુ મેળવવા પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લાવવા મોડીરાત સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. ભંગારના ડેલામાં લાગેલ ભીષણ આગમાં વધારે નુકશાન થયું હોવાનો અંદાજ લગાવવાં આવી રહ્યો છે ત્યારે ભંગારના ડેલામાં ક્યાં કારણોસર આગ લાગી હતી એ કારણ હજુ અકબંધ છે.

# જસદણના જીલેશ્વર પાર્કમાં રહેલા પીવાના પાણીના સંપનું ઢાંકણું જ ગાયબ, અકસ્માતનો ભય વધ્યો



**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળીયા**

**જસદણ:** જસદણ શહેરને પીવાનું પાણી પૂરું પાડતા જીલેશ્વર પાર્કમાં આવેલા પીવાના પાણીના સંપનું ઢાંકણું જ છેલ્લા ઘણા સમયથી ગાયબ થઈ ગયું છે. જેના કારણે જીલેશ્વર પાર્ક ગાર્ડનમાં ફરવા માટે આવતા લોકોમાં અકસ્માતનો ભય વધ્યો છે. જો કે જવાબદાર તંત્ર દ્વારા આ પીવાના પાણીના સંપમાં ઢાંકણું ફીટ કરવાના બદલે એક નાનો લાકડાનો ટુકડો મૂકી હાશકારો અનુભવી લેવામાં આવતા લોકોમાં મોઢા તેટલી વાતો વહેવા લાગી છે. જો કે તે લાકડાનો ટુકડો સંપના ઢાંકણા કરતા નાનો હોવાથી હજી મોટાભાગનો સંપ ખુલ્લો નજરે પડી રહ્યો છે. જેથી તંત્રના પાપે અકસ્માતે કોઈ વ્યક્તિ આ ખુલ્લા પાણીના સંપમાં ખાબકે અને કોઈ જાનહાની સર્જાય તે પૂર્વે આ સંપમાં ઢાંકણું ફીટ કરવાની કામગીરી કરે તે ઈચ્છનીય છે.

# મોરબી સિનિયર સીટીઝન ફાઉન્ડેશન દ્વારા સુપર સિનિયર સીટીઝન વડીલ વંદના કાર્યક્રમ યોજાયો

## ૭૦ વર્ષ વટાવી ચૂકેલ સુપર સિનિયર સીટીઝનના હારતોરા કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

સિનિયર સીટીઝન ફાઉન્ડેશન-મોરબી જીલ્લા દ્વારા વડીલ વંદના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોતાના જીવનના અમૂલ્ય ૭૦ વર્ષ પસાર કરનાર કુલ ૩૦ સુપર સિનિયર સીટીઝન મેમ્બરનું સિનિયર સીટીઝન ફાઉન્ડેશનના પ્રમુખ ડો. લહેરુ તથા ફાઉન્ડેશનના કારોબારી સદસ્યો દ્વારા શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમારોહ પ્રસંગે મોરબીના ધારાશાસ્ત્રી ઓઝા, યોગેશ આડેસરા, ડો. ભાલોડિયા, નારણબાપા ભાડજા, ભાગીયાભાઈ, લેખાબેન ટાંક દ્વારા પ્રસંગને અનુરૂપ મનનીય વક્તવ્યો



આપ્યા હતા. વધુમાં પ્રમુખ ડૉ.લહેરુ દ્વારા સુચારુ પ્રવાસ આયોજનના અને પોતાના વિદેશ પ્રવાસનાં સ્મરણો યાદ કરી તે વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત સિનિયર સીટીઝન ફાઉન્ડેશનના તમામ સભ્યો તથા વડીલો તેમજ પધારેલ વિશેષ અતિથિઓ સાથે ભોજન લઇ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

આ ભવ્ય વડીલ વંદના સમારોહ કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડો.ભાવેશ જેતપરિયાએ કરેલ હતી જયારે આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ચડાસણીયાભાઈ, નરેન્દ્રભાઈ મહેતા, સવજીભાઈ અઘારા, પ્રિન્સી.કુંડારિયા અને અન્ય કમિટી સદસ્યોએ ભારે જહેમત લઇ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# મોરબી સેસન્સ કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો:વર્ષ ૨૦૧૫માં ચાલુ ફરજ દરમિયાન એસટી બસ ચાલક ઉપર હુમલો કરનાર ચાર આરોપીને સાત વર્ષની સજા

## મોરબીના બીજા એડિશનલ સેસન્સ જજ વિરાટ એ.બુદ્ધની કોર્ટમાં ચાલેલા કેસમાં ફરજ રૂકાવટ કરી હુમલો કરનાર ચારેય આરોપીઓ જેલ ભેગા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-સુરેન્દ્રનગર રુટના એસટી બસના ચાલક ઉપર વર્ષ ૨૦૧૫ માં ચાલુ ફરજ દરમિયાન રીક્ષા ચાલક સહીત ચાર શખ્સો દ્વારા એસટી બસને ઉભી રખાવી એસટી બસના ચાલકને માર મારવા બાબતની ફરિયાદ નોંધાઈ બાદ આ કેસ મોરબી સેસન્સ કોર્ટમાં ચાલી જતા આ કેસના ચારેય આરોપીઓને સાત વર્ષની સખ્ત કેદની સજા તેમજ રૂ. ૧૦ હજારનો દંડ ફટકારતો આદેશ ફરમાવવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર વર્ષ ૨૦૧૫ માં સુરેન્દ્રનગર-મોરબી રૂટની બસ લઈ મોરબી આવી રહેલા સુરેન્દ્રનગરના રહેવાસી બસ ચાલક રાજેન્દ્રસિંહ પ્રતાપસિંહ સોલંકીની બસની સાઈડ કાપી ઘૂંટુ નજીક રીક્ષા ચાલક



આરોપી રહીમ યાસીનભાઈ સંઘવાણી, સિકંદર ઉર્ફે સિકલો સીદીકભાઈ સમા, અસલમ સીદીકભાઈ સમા અને

અલરખાભાઈ સાંગલભાઈ કટિયા નામના આરોપીઓએ બસને ઉભી રખાવી બસ ચાલક ઉપર લોખંડની પટ્ટી તેમજ લાકડાના ધોકા વડે હુમલો કરી એસટી બસના ચાલક રાજેન્દ્રસિંહને ઇજાઓ પહોંચાડી સરકારી ફરજમાં રુકાવટ કરતા જે મામલે રાજેન્દ્રસિંહ દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેય આરોપીઓની અટક કરી હતી જે કેસમાં હાલ ચારેય આરોપીઓ શરતી જામીન ઉપર હતા.

ઉપરોક્ત ફરજ રૂકાવટનો કેસ મોરબીના બીજા એડિશનલ સેસન્સ જજ વિરાટ એ. બુદ્ધસાહેબની કોર્ટમાં ચાલી જતા છ મૌખિક અને દસ દસ્તાવેજી પુરાવાઓ તેમજ સરકારી વકીલ સંજયભાઈ સી. દવેની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી ચારેય આરોપીઓને સાત વર્ષની કેદની સજા અને ૧૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

# વાંકાનેરના કાશીયાગાળા ગામ નજીક વીડીમાં જુગાર રમતા ચાર ઝડપાયા

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

મળતી માહિતી મુજબ વાંકાનેર તાલુકાના કાશીયાગાળા ગામના તળાવ નજીક વીડીમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા સુરેશભાઇ માવજીભાઇ સરવૈયા ઉવ.૪૬ રહે.કાશીયાગાળા ગામની રોજીયા વીડીમાં વાડીએ, ભરતભાઇ ખીમાભાઇ ધરજીયા ઉવ.૩૪ રહે.કાશીયાગાળા, વાઘજીભાઇ નાથાભાઇ ધરજીયા ઉવ.૪૩ રહે.કાશીયાગાળા, રસીકભાઇ ધીરૂભાઇ ધરજીયા ઉવ.૩૬ રહે.ગાંગીયાવદરને વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૪,૮૦૦/-સાથે પકડાયેલ ચારેય આરોપી વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરના સિક્કા ટાઉનમાંથી જાહેરમાં જુગાર રમી રહેલા પાંચ શખ્સો પકડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના સિક્કા ટાઉનમાં પોલીસે જુગાર અંગે દરોડો પાડ્યો હતો, અને ગંજીપાના વડે જુગાર રમી રહેલા પાંચ શખ્સોની અટકાયત કરી છે, જ્યારે અન્ય સાત શખ્સો ભાગી છૂટયા હોવાથી તેઓને ફરાર જાહેર કરાયા છે.જામનગર તાલુકાના સિક્કા ટાઉનમાં પોલીસે જુગાર અંગે દરોડો પાડી જાહેરમાં જુગાર રમી રહેલા ઈમ્તિયાઝ આમદભાઈ ફકીર, મહેબુબ ગુલમહંમદભાઈ ખલીફા, હનીફ ઇલિયાસભાઈ ભાયાણી ઉમેદ મોહમ્મદભાઈ ખીમાણી અને સોયબ અબ્દુલભાઈ ભગાડ ની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૨,૮૯૦ ની રોકડ રકમ અને જુગારનો સામાન કબજે કર્યો છે.આ દરોડા સમયે સિક્કાનો સિકંદર મહંમદ ભાઈ ભાયાણી, સલીમ સાલેમહંમદ હુંદડા, અલી આમીનભાઈ ભગાડ, મોહસીન હશનભાઈ ભગાડ, મહેબુબ અહમદભાઈ મુલ્લા, ઇમરાન સાલેમોહમ્મદ હુંદડા અને વસીમ અમિનભાઈ ભગાડ વગેરે પોલીસને જોઈને ભાગી છૂટયા હોવાથી તમામને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

# મહિલાઓના સ્વાસ્થ્ય માટે જાગૃતિ કેળવવા સેલસ હોસ્પિટલ અને અવધેશ ડેન્ટલ સ્ટુડિયો દ્વારા મહિલા કાર રેલી યોજાઇ

## નિઃશુલ્ક રેલીમાં રજીસ્ટ્રેશન કરાવનાર મહિલાઓને સ્યોર ગીફ્ટ હેમ્પર અને અન્ય પુરસ્કાર પણ આપવામાં આવ્યા હતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હાલની ૨૧મી સદીમાં લોકો પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે સહેજ પણ જાગૃત નથી અને પરિણામે તેઓએ ઘણી ગંભીર સ્થિતિનો સામનો કરવો પડે છે. જ્યારે મહિલાઓની વાત આવે તો મહિલાઓ તેમના સ્વાસ્થ્યને લઈ સહેજ પણ જાગૃત રહેતી નથી અને પોતાને થતી તકલીફોને ગંભીરતાથી નથી લેવાતી. જે ખરા અર્થમાં મહિલાઓ માટે અત્યંત જોખમરૂપ સાબિત થતું હોય છે. ત્યારે આ સ્થિતિને ગંભીરતાથી લઈ રાજકોટની સેલસ હોસ્પિટલ દ્વારા વિશ્વ મહિલા દિવસને અનુંલક્ષી પ્રોજેક્ટ સાથી-૨ અંતર્ગત એક વિશેષ કાર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ૩ માર્ચ ને રવિવારે આ રેલીમાં ૨૦૦ થી વધુ મહિલાઓ ઉપસ્થિત રહી હતી અને રાજકોટ પોલીસ હેડક્વાર્ટર થી શરૂ કરી તમામ રાજમાર્ગો ઉપર ફરી કોસ્મોપ્લેક્સ સિનેમા પાસે કાલાવડ રોડ ખાતે સમાપ્ત થઇ હતી. સેલસ હોસ્પિટલ અને અવધેશ



ડેન્ટલ સ્ટુડિયો દ્વારા આયોજિત આ કાર રેલીમાં ડો. દર્શિતાબેન શાહ અને સમાજ શ્રેષ્ઠિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સેલસ હોસ્પીટલના ડો. ધવલ ગોધાણી અને અવધેશ ડેન્ટલ સ્ટુડિયોના ડો. માધવી બારાઇએ જણાવ્યું હતું કે, ગત વર્ષની જેમ આ વર્ષે પણ સૌરાષ્ટ્રમાં આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો જેમાં મહિલાઓ દ્વારા જ કાર ચલાવવામાં આવી હતી અને વિવિધ વિષયોમાં જાગૃતિ કેળવવામાં આવી હતી. સાથે મહિલા પોલીસ બાઇક લઇ રેલીમાં સહયોગી બન્યા હતા. આ વર્ષે મહિલા પોલીસ વિંગના મહિલા ઓફિસરો અને વિશેષ શહેરના ટ્રાફિક ડીસીપી પૂજાબેન યાદવ, ડીસીપી વિધિબેન ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રેલીમાં રજીસ્ટ્રેશન કરાવનાર મહિલાઓને સ્યોર ગીફ્ટ હેમ્પર અને અન્ય પુરસ્કાર પણ આપવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, મહિલાઓ પરિવાર માટે એક ખૂબ મહત્વપૂર્ણ ભાગ ભજવે છે ત્યારે જો તેઓ તેમના સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ ન હોય તો પરિવારે ઘણી બધી તકલીફનો સામનો કરવો પડે છે માટે મહિલાઓ તેમના સ્વાસ્થ્ય માટે જાગૃત બને તે હેતુસર આ વિશેષ કાર રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું.

# જસદણમાં માંડવરાય હોસ્પિટલ ખાતે બ્લડ સ્ટોરેજ સેન્ટરનું લોકાર્પણ કરાયું

## આજદિન સુધી દર્દીઓને બ્લડ લેવા માટે રાજકોટ કે ગોંડલ જવું પડતું હતું: તમામ જરૂરીયાતમંદ દર્દીઓને રાજકોટ કે ગોંડલ કરતા પણ સસ્તી કિંમતમાં અહીં બ્લડ આપવામાં આવશે

**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળીયા**

**જસદણ:** જસદણ શહેર અને પંથકના દર્દીઓને આજદિન સુધી જ્યારે પણ તાત્કાલિક બ્લડની જરૂર પડતી હતી ત્યારે કાંતો રાજકોટ અથવા ગોંડલ વગેરે સિટીમાં બ્લડ મેળવવા માટે દોડવું પડતું હતું. જો કે અમુક દર્દીઓને સમયસર બ્લડ ન મળતા મોતને ભેટ્યા હોવાના દાખલાઓ પણ ભૂતકાળમાં બની ચુક્યા છે. ત્યારે હવે જસદણ શહેર અને પંથકના દર્દીઓ માટે આશીર્વાદરૂપ બ્લડ સ્ટોરેજ સેન્ટરનું જસદણના નવા બસ સ્ટેશન પાસે આવેલ માંડવરાય હોસ્પિટલ ખાતે લોકાર્પણ કરવામાં આવ્યું છે. સાથોસાથ બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પ સવારના ૧૧ કલાકથી બપોરના ૨ કલાક સુધી



રાખવામાં આવ્યો હતો અને આ કેમ્પમાં અનેક રક્તદાતાઓ બ્લડ આપવા માટે ઉમટી પડ્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું ઉદઘાટન ડો.દિપક નારોલાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે માંડવરાય હોસ્પિટલના તબીબ ડો.મહેશ તાવીયા, ડો.રવિન્દ્ર પીરોજીયા, જસદણ માર્કેટિંગ યાર્ડના ડીરેક્ટર પ્રેમજીભાઈ રાજપરા, ધરતી ગ્રુપના કુલદીપભાઈ પટગીર, જસદણ શહેર ભાજપ મહામંત્રી મુકેશભાઈ જાદવ, જસદણ શહેર વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ મુકેશભાઈ ભેંસજાળીયા, ડો.કટેશીયા, ડો.મયુર ભુવા, ડો.જય બાવીશી, કોળી સમાજના આગેવાન તિલકભાઈ સાકરીયા સહિતના વિવિધ ક્ષેત્રના આગેવાનો અને કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અહિયાં જરૂરીયાતમંદ દર્દીઓને રાજકોટ કે ગોંડલ કરતા સસ્તી કિંમતમાં બ્લડ મળશે. આ તકે જસદણની માંડવરાય હોસ્પિટલના ડો.મહેશ તાવીયા સહિતનાઓ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે, તમામ જરૂરીયાતમંદ દર્દીઓને રાજકોટ કે ગોંડલ કરતા પણ સસ્તી કિંમતમાં અહીં બ્લડ આપવામાં આવશે. જસદણમાં માંડવરાય હોસ્પિટલ છેલ્લા ૧૧ વર્ષથી દર્દીઓને સેવા આપી રહી છે. હજી આગામી સમયમાં જસદણ શહેર અને પંથકના દર્દીઓ માટે વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવશે તેમ અંતમાં જણાવવામાં આવ્યું હતું.

# જસદણ નજીકના સુપ્રસિદ્ધ ઘેલા સોમનાથ મહાદેવ મંદિર ખાતે મહાશિવરાત્રીની ભવ્યતાથી ઉજવણી થશે

## પ્રાંત કચેરી ખાતે મહાશિવરાત્રીની ઉજવણીના આયોજન અંગે આગેવાનો સાથે બેઠક મળી

**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણમાં તાલુકા સેવા સદન કચેરી ખાતે ડેપ્યુટી કલેકટર ગ્રીષ્માબેન રાઠવાના અધ્યક્ષ સ્થાને સુપ્રસિદ્ધ ઘેલા સોમનાથ મહાદેવ મંદિર ખાતે મહાશિવરાત્રીની ભવ્યતાથી ઉજવણી કરવા માટેના આયોજન અંગે વિવિધ ક્ષેત્રના આગેવાનો સાથે ખાસ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જસદણ રાજગોર બ્રાહ્મણ સમાજના અગ્રણી વિનુભાઈ ચાંવ તથા અશોકભાઈ ચાંવ, જસદણ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અશોકભાઈ ધાધલ, અગ્રણી ઉદ્યોગપતિ વિજયભાઈ રાઠોડ, ગટુભાઈ ગીડા, કાળુભાઈ તળાવડીયા, કેતનભાઈ



રાઠોડ, યોગેશભાઈ રાઠોડ, દુર્ગેશભાઈ કુબાવત, મનુભાઈ શીલુ, મંદિરના પૂજારી હસુભાઈ જોશી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં જસદણ મામલતદાર મિલન રાજ્યગુરુ, ચીફ ઓફિસર રાજુભાઈ શેખ સહિતના વહીવટી તંત્રના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકનું સંચાલન શીરસ્તેદાર બી.એચ. કાછડીયાએ કર્યું હતું.

સોમપીપળીયા ગામેથી ડીજેના તાલે પાલખીયાત્રા સહિતના ત્રિવિધ કાર્યક્રમો યોજાશે. મહાશિવરાત્રીના દિવસે સોમપીપળીયા ગામેથી ડીજે સાઉન્ડ અને શણગારેલા ટ્રેક્ટર, ભજન મંડળી સાથેની ભવ્ય શોભાયાત્રા નીકળી ઘેલા સોમનાથ મહાદેવ મંદિરે પહોંચશે. સાથોસાથ મહાશિવરાત્રી નિમિત્તે બન્ને ટાઈમ ફરાળ રૂપી ભોજન મહાપ્રસાદ, ઘેલા સોમનાથ મહાદેવને ચાર પહોરની આરતી, મંદિર ખાતે શિવ સ્તુતિ, ધૂન, ભજન અને રાત્રે બાળકો દ્વારા શિવતાંડવ સહિતના વિવિધ કાર્યક્રમો રાખવાનું આ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું. આ તકે વિવિધ દાતાઓના સહયોગથી સમગ્ર મહાશિવરાત્રી મહોત્સવની ઘેલા સોમનાથ મહાદેવ મંદિર ખાતે ભવ્યતાથી ઉજવણી કરવાનું બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# સરગમ ક્લબ તેમજ દુબઈ સોના જવેલર્સના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**





સાસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને સોના જવેલર્સ (દુબઈ) મનુભાઈ માંડલિયા ના સયુંકત ઉપક્રમે તા.૧/૦૩/૨૦૨૪ થી ૩/૦૩/૨૦૨૪ ના રોજ આ જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૮૪ દર્દીઓ એ લાભ લીધો જેમાં કેલીપર્સ નાં દર્દી ૩૩ લેગ (પગ) નાં દર્દી ૩૧ અને રીપેરીંગ ૨૦ દર્દી વિનામૂલ્યે લાભ લીધો.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને શ્રી મનુભાઈ માંડલિયા એ જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ દુબઈ નિવાસી સોના જવેલર્સ ના શ્રી મનુભાઈ માંડલિયા તેમજ તેના પરિવારજનો નિતેશભાઈ માંડલિયા, લલીતાબેન, બંસરીબેન, દેવ અને દિયા માંડલિયા પરિવાર તથા શૈલેષભાઈ માઉ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

દર વર્ષે ૧ માર્ચ ના રોજ દુબઈ નિવાસી મનુભાઈ માંડલિયા દ્વારા જયપુર ફૂટ કેમ્પ યોજાશે.

દુબઈ નિવાસી સોના જ્વેલર્સ મનુભાઈ માંડલિયા જયપુર ફૂટ કેમ્પ ની મુલાકાતે આવેલ અને તેઓ ત્યાં જાહેરાત કરેલ કે દર માર્ચ માસ ની ૧ તારીખ એ તેમના દ્વારા જયપુર ફૂટ કેમ્પ યોજાશે.

આ કેમ્પની સફળતા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ મનુભાઈ માંડલિયા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ. આ કેમ્પ ને સફળ બનાવવા માટે શ્રી દીપકભાઈ કમાણી, રશ્મિભાઈ કમાણી, કિશોરભાઈ પરમાર, જે.કે. સરાઠે તથા સરગમ કલબના કમિટી મેમ્બર પ્રફુલભાઈ મિરાણી, અનવરભાઈ ઢેબા, કનૈયાલાલ ગજેરા, ડો. પંકજભાઈ રાઠોડ તેમજ ચેતનાબેન સવજાણી, મધુરીકાબેન જાડેજા, કૈલાશબા વાળા, આશાબેન ભૂછડા, સુધાબેન દોશી, જયશ્રીબેન વ્યાસ, હર્ષાબેન પીઠડીયા, હર્ષાબેન કશ્રેચા, મિતલબેન ચગ, દિવ્યાબેન ઉમરાણીયા વગેરે જહેમત ઉઠાવી હતી. આ કેમ્પ માં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર વગેરે સેવા આપેલ આવનારા તમામ દર્દી ઓને વિના મુલ્યે ચા પાણી આપવામાં આવેલ.

# મોરબી રોડ પર હડાળા ગામે આશ્રમમાં બેભાન થઈ જતા વૃધ્ધનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના હડાળામાં નથવાણી પરિવાર આશ્રમમાં આશ્રય લઈ રહેલા વૃદ્ધનું હૃદયરોગના હુમલાથી મોત નિપજતા ગમગીની છવાઈ જવા પામી છે. સ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટના હડાળા ગામે આવેલા નથવાણી પરિવાર આશ્રમમાં આશ્રય લઈ રહેલા અમદાવાદ પંથકના નરેન્દ્રભાઈ રમણભાઈ શાહ નામના ૬૯ વર્ષના વૃદ્ધ આશ્રમમાં હતા ત્યારે રાત્રીના સાડા આઠેક વાગ્યાના અરસામાં તેમને છાતીમાં દુખાવો ઉપડતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક નરેન્દ્રભાઈ શાહ મૂળ અમદાવાદ પંથકના વતની હતા અને છેલ્લા એકાદ વર્ષથી હડાળા ગામે નથવાણી પરિવાર આશ્રમમાં દંપતી આશ્રય લઈ રહ્યા હતા અને નરેન્દ્રભાઈ શાહનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે કુવાડવા રોડ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના બેડલા ગામે ખાનગી કંપનીએ ખેતરમાં વિજ ટાવર ઉભા કરતા ખેડૂતોમાં ભારે રોષ

## ૩૩ કેવી લાઈન નાંખવાનું કામ બંધ નહીં કરાય તો ઉપવાસ આંદોલનની ચિમકી, કલેકટરને આવેદન અપાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ તાલુકાના બેડલા ગામે ખાનગી કંપનીએ ખેડૂતોના ખેતર ખેડી ૩૩ ઊંટની લાઈન નાંખી થાંભલા ઉભા કરવામાં આવતા ખેડૂતોમાં રોષ ફેલાયો છે. કંપની દ્વારા કામ બંધ કરવામાં નહી આવે તો ખેડૂતો દ્વારા ઉપવાસ-આંદોલન કરવાની ચિમકી સાથે કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. કલેક્ટર કચેરીએ દોડી આવેલ ખેડૂતોએ આક્રોશભેર જણાવ્યું હતું કે, બેડલા ગામના સર્વે નં.૩૬ પૈકીની ખાનગી જમીનમાં ખાનગી કંપનીને ૩૩ ઊંટ લાઈન નાંખવાની અધિક કલેક્ટર દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. આથી કંપનીએ મનફાવે તેમ ખેડૂતોની જમીનના પાકોને નુકશાન થાય તેવી રીતે લાઈન-થાંભલા નાંખવામાં આવ્યા છે.

નાયબ કલેક્ટર દ્વારા ખેડૂતોના ખેતરમાં નુકશાન ન થાય તેમ શેઢા ઉપર લાઈન અને થાંભલા નાંખવા જણાવેલ હતું. પરંતુ ખાનગી કંપનીએ પોલીસ બંદોબસ્ત સાથે ખેતર વચ્ચેથી લાઈન કાઢવામાં આવી છે.પોલીસ તંત્રને સાથે ખોટા કેસ કરવા અને ખેડૂતોને ડરાવવામાં આવે છે. એટલું જ નહી વળતર ચૂકવ્યા વગર જ બળજબરીથી થાંભલા નાંખવામાં આવતા ખેડૂતોને નુકશાન થયું હોવાની ફરિયાદ કરવામાં આવી છે.ખેડૂતોએ આજે કલેક્ટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે, તાકીદ ખાનગી કંપની દ્વારા કામ બંધ કરવામાં નહી આવે તો ખેડૂતો દ્વારા પ્રતિક ઉપવાસ-આંદોલન કરવાની ચિમકી આપવામાં આવી છે.

# કાલાવાડ રોડ પર યુવાનનો ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ

## હોટલમાં સમાજની મીટીંગ હોય મુંબઈથી આવેલા આગેવાનોએ પ્રશ્નો નહિ સાંભળતા યુવાન પગલું ભર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં દૂધ સાગર રોડ ઉપર આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમાં રહેતા અને જુના માર્કેટિંગ યાર્ડ પાસે ખાણી પીણીનો ધંધો કરી પરિવારનું ગુજરાન ચલાવતા પ્રૌઢ કાલાવા રોડ ઉપર આવેલી હોટલ ખાતે મળેલી મિટિંગમાં મુંબઈથી આવેલા સમાજના આગેવાનોને સામાજિક અને પર્સનલ પ્રશ્નો અંગે રજુઆત કરવા પહોંચ્યા હતા ત્યારે સ્થાનિક અગ્રણીઓએ મળવા નહીં દેતાં ફિનાઈલ પી લીધું હોવાના આક્ષેપ સાથે પ્રૌઢને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ અંગેની માહિતી મુજબ દૂધસાગર રોડ ઉપર આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમાં રહેતા મલિક મનસુરઅલી લાખાણી નામના ૪૬ વર્ષના પ્રૌઢ કાલાવડ રોડ ઉપર આવેલી આરપીજે હોટલ પાસે હતા ત્યારે સાંજના ચારેક વાગ્યાના અરસામાં ફીનાઈલ પી લીધું હતું. મલિક લાખાણીને બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.


પ્રાથમિક પૂછપરછમાં મલિક લાખાણીને સંતાનમાં બે પુત્ર છે અને જૂના માર્કેટિંગ યાર્ડ પાસે ખાણીપીણીની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે અને તેમના સમાજ દ્વારા ગરીબ પરિવારને બિમારી ખર્ચ સહિતના ખર્ચાઓ પૂરા પાડવામાં આવે છે પરંતુ સ્થાનિક અગ્રણીઓ અવનવા બહાના બતાવી બીમારી ખર્ચ આપતા ન હોવાથી ગઈકાલે આરપીજે હોટલમાં મળેલી સમાજની મિટિંગમાં મુંબઈથી આવેલા આગેવાનોને સામાજિક અને પર્સનલ પ્રશ્નો અંગે સમાજના લોકો સાથે મલિક લાખાણી મળવા પહોંચ્યા હતા પરંતુ સ્થાને અગ્રણીઓએ મળવા નહીં દેતા ફીનાઈલ પી લીધું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે તાલુકા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# આંબેડકરનગરમાં આવારા તત્વોનો આતંકઃ બાઈકમાં આગ ચાપી ફરાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

: નાનામવા રોડ પર આવેલ આંબેડકર નગરમાં એક લુખ્ખાએ શેરીમાં પડેલ બાઇકને આગ ચાંપી દિધી હતી. જે ઘટના સીસીટીવીમાં કેદ થયાં બાદ ફટેજ વાયરલ થતાં પોલીસ હરકતમાં આવી હતી અને બનાવ અને તપાસ હાથ ધરી હતી.

આ અંગેની માહિતી મુજબ નાનામવા નજીક આવેલ આંબેડકર નગરમાં મોડી રાતના એક યુવક ઘરમાંથી બહાર નીકળી શેરીમાં પડેલ એક બાઇકને આગ લગાડી ત્યાં જ ઉભો રહે છે અને બાઈક સળગીને ખાખ થઈ ગયાં બાદ તે ચાલ્યો જાય છે. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી અને બાદમાં ફટેજ વાયરલ થયાં હતાં. બનાવ અંગેની સીસીટીવી ફટેજના આધારે પોલીસે યુવકની ઓળખ મેળવવા તપાસ હાથ ધરી હતી. વીડિયોમાં દેખાતો યુવાન અવારનવાર લતાવાસીઓને હેરાન કરતો હોવાનું પણ સામે આવ્યું હતું.



# યુનિવર્સિટી રોડ પર બે આખલાની લડાઈમાં યુવાન ઘવાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



બે આખલાની લડાઈના કારણે હડફેટે ચડી

રાજકોટમાં રખડતા ઢોરનો ત્રાસ દૂર કરવા માટે તંત્ર દ્વારા લાંબા સમયથી છતાં કવાયત ચાલી રહી છે. છતાં અમુક વિસ્તારોમાં હજુ પણ રખડતા ઢોર નજરે ચડી રહ્યા છે અને નિર્દોષ લોકોને હડફેટે લઈ રહ્યા છે. ત્યારે યુનિવર્સિટી રોડ પર રાત્રિના સમયે ઘર તરફ જઈ રહેલો યુવક જતા ઘવાયો હતો જેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે.

જાણવા મળતી વિગતો અનુસાર કાલાવડ રોડ પર ભીમનગરમાં રહેતા અંકિત છગનભાઈ પરમાર નામના ૧૯ વર્ષનો યુવાન ગઈકાલે રાત્રીના સમયે યુનિવર્સિટી રોડ પરની સરિતા વિહાર સોસાયટીમાંથી પસાર થતો હતો ત્યારે બે આખલાની લડાઈમાં ત્યાંથી નિકળવા જતાં તેને હડફેટે ચડ્યો હતો અને આખલાએ ઢીક મારતા યુવકને માથામાં અને શરીરે ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અંકિત ગેમ ઝોનમાં નોકરી કરે છે તેમના પિતા કડિયા કામની મજુરી કરે છે અને પોતે એક ભાઈ બે બહેનમાં બીજા નંબરનો છે.

# રાજકોટની કોલેજીયન યુવતીના નગ્ન ફોટા વાયરલ કરનાર દિલ્હીનો શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સીએનો અભ્યાસ કરતી ૧૯ વર્ષની યુવતિના ન્યુડ વિડીયો તેણીના કાકાને મોકલી બદનામ કરનાર સોશિયલ મિડીયા ફ્રેન્ડની પોલીસે દિલ્હી થી ધરપકડ કરી છે. રાજકોટની ૧૯ વર્ષની છાત્રાની ફરિયાદ પરથી દિલ્હી નોર્થ વેસ્ટ મંગોલપુરી હાઉસ નં. ૩૪૪/૩૫માં રહેતાં સચીન યાદવ નામના શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ હતી. ૨૦૧૯-૨૦ની સાલમાં મોબાઈલમાં પબજી ગેમ રમતી હોય ત્યારે દિલ્હીના સચીન યાદવની ફ્રેન્ડ રિકવેસ્ટ આવતા સ્વીકારી હતી. બાદમાં સચીન સાથે વાતચીત શરૂ થઈ હતી. એ પછી ફેસબુક બન્યા હતા અને સચીને મોબાઈલ નંબર મેળવી યુવતીને વહોટ્સએપ ઉપર પણ મેસેજ અને કોલ કરી વાતચીત શરૂ કરી હતી. સચિને એક દિવસ વ્હોટ્સએપ પર વીડીયો કોલ કરી ન્યૂડ થવા માટે ફોર્સ કર્યો હતો. જેનો વીડીયો તેણે રેકોર્ડ કરી લીધો હતો. ત્યારબાદ અવારનવાર તે મને અવાર-નવાર ન્યૂડ વીડીયો કોલ કરવા માટે દબાણ કરતો હતો.જેથી કંટાળીને સચિનનો વ્હોટ્સએપ નંબર બ્લોક કરી દીધો હતો.

સૂચીને યુવતીને મેસેન્જરમાં મેસેજ કર્યો હતો કે તું મારી સાથે વાત કરી નહીંતર તારા ન્યૂડ વીડીયો વાયરલ કરી નાખીશ. આઠ મહિના સુધી સચીન સાથે કોઈ સંપર્ક રહ્યો ન હોય બાદમાં સચીને યુવતીના કાકાના ફેસબુક આઈડી પર ન્યુડ વિડીયોના ફોટા મોકલ્યા હતા. જે અંગે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાયા બાદ એસીપી વિશાલ એમ. રબારીની રાહબરીમાં પીઆઈ કે. જે. મકવાણાએ તપાસ કરી દિલ્હીના મંગોલપુરી હાઉસ નં. ૩૪૪/૩૫માં રહેતાં સચીન યાદવની ધરપકડ કરી હતી.

# કુવાડવા પાસે રસ્તો ઓળંગતા વૃધ્ધનું પત્નીની નજર સામે અજાણ્યા વાહનની ઠોકરે મોત

## પુત્રને મળવા રિક્ષામાંથી ઉતરી રસ્તો ક્રોસ કરતી વેળાએ બનાવ બન્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે કુવાડવા હાઇવે પર પુત્રને મળવા જતા વૃદ્ધ પિતાનું પત્નીની નજર સામે જ મોત નીપજતાં ચકચાર મચી જવા પામી છે. ખેરવા ગામે મજૂરી કામ કરતા દહોદના વૃદ્ધ પત્ની સાથે -રીક્ષામાંથી ઊતરી રસ્તો ઓળંગતા હતા ત્યારે અજાણ્યો વાહન ચાલક અકસ્માત સર્જી ફરાર થઈ ગયો હતો. આ અંગે કુવાડવા રોડ પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ મુળ દહોદના અંબાકાર ગામના વતની અને હાલ ખેરવા ગામે આરીફભાઈની વાડીમાં મજૂરી કામ કરતા સબુરભાઈ પરમાર (ઉ.વ.૬૫) નામના વૃદ્ધ ગઈ કાલે સાંજે તેનો પુત્ર રમેશભાઈ કુવાડવા ગામે વાડીમાં રહેતો હોય જેથી તેઓ પત્ની કમલીબેન સાથે પુત્રને મળવા તેની વાડીએ જતા હતા. દરમિયાન કુવાડવા ગામ નજીક ગાયત્રી આશ્રમ પાસે રીક્ષામાંથી ઉતરી રસ્તો ઓળંગી રહ્યા હતા. ત્યારે અમદાવાદ તરફથી પૂરપાટ ઝડપે આવતા અજાણ્યા વાહન ચાલકે સબુરભાઈને ઠોકરે ચડાવી નાશી છૂટ્યો હતો. આ અકસ્માતમાં સબુરભાઈને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઇજા થતા પત્નીની નજર સામે ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતા કુવાડવા રોડ પોલીસ મથકના હેડ કોન્સ. એ.પી.નિમાવત સહિતના સ્ટાફે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે કુવાડવા પોલીસે મૃતકના પત્ની કમલીબેનની ફરિયાદ પરથી અકસ્માત સર્જી નાખી છૂટેલા અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# યાજ્ઞિક રોડ પર આનંદ સ્નેકસના સંચાલક માતા-પુત્રએ રૂા.૧૪.૫૦ લાખની ઠગાઈ કર્યાની ફરિયાદ


## કરિયાણાના વેપારીએ આપેલા નાણાંની ઉઘરાણી કરતા ગંભીર આક્ષેપો કરી ભુગર્ભમાં ઉતરી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના યાજ્ઞિક રોડ પર આવેલી આનંદ સ્નેક્સ નામની ફુડશોપને ગયા અઠવાડિયે મહાનગરપાલિકા દ્વારા શીલ કરી દેવામાં આવી છે.ત્યારબાદ આનંદ સ્નેક્સ ચલાવતા સંચાલિકાએ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવને રજુઆત કરતો પત્ર લખ્યો હતો જેમાં બે વ્યાજખોરના નામ આપી તેની પર ગંભીર આક્ષેપો કર્યા હતા.ત્યારબાદ બીજા દિવસે મહિલાનો એક વીડિયો સામે આવ્યો હતો.જેમાં તેઓ કોર્ટમાં લડત કરશે તેવું જણાવ્યું હતું. તેવામાં ડો.યાજ્ઞિક રોડ પર કારીયાણાની શોપ ધરાવતા મુકેશભાઈ હરજીવનદાસ તન્નાએ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવને અરજી કરતા તેમાં જણાવ્યું હતું કે, તેઓ કમલેશ એન્ડ બ્રધર્સના નામે કરિયાણાનો હોલસેલ વેપાર કરે છે.આનંદ સ્નેક્સ વાળા રેખાબેન કોટક તથા તેમના પુત્ર ભાર્ગવ કોટકને છેલ્લા પાંચ વર્ષથી કરિયાણાના સામાનનું વેચાણ કરીએ છીએ અને તેઓ ધનરજનિ બિલ્ડીંગ, યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતે રિટેઈલ વેપાર કરે છે તેમજ ઓર્ડર મુજબ મોટા ફંક્શનનું કેટરિંગનું કામ કરે છે તેમજ રાજુભાઈ જેઓ પણ રેખાબેનના ખાસ માણસ છે તેઓ પણ અવારનવાર ઓર્ડર આપતા હતા. આ રેખાબેન કોટક સાથે અવાર નવાર વ્યવહારના હિસાબ મુજબ બીલ મુજબની લેણી રકમ રૂ.૧૪.૫૦ લાખ તેઓએ અમોને પરત આપવા સમય માંગતા જેથી અમો રાહ જોયેલ તેમ છતાં આજદિન સુધી કોઈએ રકમ ચૂકવી નથી.આ રેખાબેન તથા ભાર્ગવનો હાલ પર્ક કરતાં તેઓના ફોન સ્વિચ ઓફ આવે છે અને દુકાને રૂબરૂ ગયેલ તો જાણવા મળેલ કે, તેઓ રાજકોટ મૂકી જતા રહ્યા છે.આમ,આ બંને માતા પુત્ર સામે છેતરપિંડી, ગુનાહિત વિશ્વાસઘાત કરી અમોને આર્થિક નુકશાન કરેલ હોય તેઓ વિરુદ્ધ આઈ.પી.સી. કલમ ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી) વી. મુજબ કાયદેસર કાર્યવાહી કરવા રજુઆત કરી છે.આ મામલે હાલ સ્થાનિક પોલીસ પણ તપાસ કરી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે.

# ગુજરાતમાં પ્રથમ એકાઉન્ટીંગ મ્યુઝીયમનું ઉદ્‌ઘાટન કરાયુંઃ આ મ્યુઝીયમમાં ઐતિહાસિક સમયગાળાના દસ્તાવેજો, હસ્તપ્રતો, ફોટોગ્રાફસ તેમજ જુની બેલેન્સસીટ રજુ કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આત્મીય યુનિવર્સિટી અને ધ ઇન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા તેમજ વેસ્ટર્ન ઇન્ડિયા રિજન કાઉન્સિલ દ્વારા ગુજરાતનાં પ્રથમ એકાઉન્ટિંગ મ્યુઝિયમનું ઉદઘાટન ૨૯-૦૨-૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે આત્મીયનાં યુનિવર્સિટીનાં વાણિજ્ય વિભાગ ખાતે થયું.

કોમર્સ અને મેનેજમેન્ટના વિદ્યાથીઓને આગળ અભ્યાસ માટે આ અગાઉની હિસાબી પદ્ધતિ જાણવા અને સમજવામાં મદદ મળી રહે તેમજ વૈશ્વિક સ્તરે વિદ્યાર્થીઓ એકાઉન્ટિંગની સફરમાંથી સરળતાથી પસાર થઈ શકે એ હેતુથી આ મ્યુઝિયમ તૈયાર કરવામાં આવ્યું છે. આ મ્યુઝિયમ પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ભારતમાં એકાઉન્ટન્સી પ્રથાઓ પ્રદર્શિત કરે છે તેમજ મ્યુઝિયમના પ્રદર્શન પર દુર્લભ વસ્તુઓનો સંગ્રહ ભારતના હિસાબી અને વ્યવસાયિક વ્યવસાયની ઉત્ક્રાંતિને દર્શાવે છે.


આ મ્યુઝિયમમાં ઐતિહાસિક સમયગાળાનાં દસ્તાવેજો, હસ્તપ્રતો, ફોટોગ્રાફ્સ તેમજ ૧૯૨૯ની જૂની બેલેન્સ શીટ્સ, આઈ.સી.એ.આઈ સંસ્થાની પ્રથમ બેલેન્સ શીટ, આઈ.સી.એ.આઈ સંસ્થાનો પ્રથમ કાઉન્સિલ રિપોર્ટ, કુબેર, ચાણકીઓ અને એકાઉન્ટન્સીના પિતા લુકા પેસિઓલીના થોડાં શિલ્પો, પ્રાચીન એકાઉન્ટ્સ સંગ્રહાલયના અમુક ભાગો વગેરે વસ્તુઓ મુકવામાં આવી છે જે ઇતિહાસના વિવિધ તબક્કામાં એકાઉન્ટન્સીની સ્મૃતિ દર્શાવે છે.

મ્યુઝિયમનાં ઉદઘાટન પ્રસંગે આત્મીય યુનિવર્સિટી નાં પ્રેસિડેન્ટ પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજી, વાઇસ ચાન્સેલર ડો. શિવકુમાર ત્રિપાઠી, લીડરશિપ ટીમ તેમજ ફેકલ્ટી ઓફ બીઝનેસ એન્ડ કોમર્સનાં ડીન ડો. વિશાલ ખાસગીવાલા, એચઓડી ડો. જયેશ ઝાલાવડિયા, કોમર્સ અને મેનેજમેન્ટ વિભાગના ફેકલ્ટી સભ્યો તેમજ આઈ.સી.એ.આઈ, વર્તમાન મેનેજિંગ કમિટી તરફથી મિતુલ મહેતા (ચેરપર્સન), તેજસ દોશી (વાઈસ ચેરપર્સન),

રાજ મારવાણીયા (સચિવ), અને તેમની સાથે વરિષ્ઠ અને ભૂતકાળના અધ્યક્ષ એટલે કે બકુલ ગણાત્રા, અભિષેક દોશી, જીજ્ઞેશ રાઠોડ, વિનય સાકરીયા વગેરે મહાનુભાવોના હસ્તે એકાઉન્ટિંગ મ્યુઝિયમનું ઉદઘાટન થયું.

# મોરબી પત્રકાર એશો.ના પ્રમુખ સુરેશભાઈ ગોસ્વામીનો જન્મદિવસ

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી ના જાણીતા સિનિયર પત્રકાર સુરેશભાઈ ગોસ્વામી નો ૪ માર્ચ સોમવારે જન્મદિવસ છે તેના જન્મદિનની તેના પરિવારજનો સગાસંબંધીઓ મિત્રો ને સાથી પત્રકાર મિત્રો પ્રેસ મીડિયાપરીવાર મોરબી ગોસ્વામી સમાજ સીરામીક ઉદ્યોગકારો વિવિધ સમાજ ને સંગઠનો ને સંસ્થા ના આગેવાનો રાજકીય આગેવાનો એ સુભેચ્છાઓ સાથે શુભકામનાઓ પાઠવી છે સુરેશભાઇ ગોસ્વામી ફૂલછાબ ના બ્યુરોચિફ પત્રકાર ને હાલ પત્રકાર એસૉસિએશન મોરબી ના પ્રમુખ છે તે ઓ અગાઉ પણ મોરબી પ્રેસ એસોસિએશન ના પ્રમુખ રહી ચુક્યા છે.

અગાઉ પણ મોરબી પ્રેસ એસોસીએશન ના પ્રમુખપદે સફળ કામગીરી કરી ચુક્યા છે શાંત સરળ અને લાગણીશીલ સ્વભાવ ધરાવતા સુરેશભાઈ ગોસ્વામી એ પ્રજાલક્ષી પ્રશ્નો ને ઉજાગર કરી ને મોરબી મીડિયા જગતમાં આશરે છેલ્લા ૩ દાયકા થી એક તટસ્થ,નીડર અને પ્રામાણિક પત્રકાર ની ઓળખ ઉભી કરી છે.સમસ્યાઓ ને નીડરતા પૂર્વક વાચા આપી રહ્યા છે જેથી તેઓ રાજકીય,વહીવટીતંત્ર, પોલીસ, સામાજીક સંસ્થાઓમાં સારી લોકચાહના ધરાવે છે

સુરેશભાઈ ગોસ્વામી ને મોરબી દશનામ ગોસ્વામી મંડળ દ્વારા તેઓની શ્રેષ્ઠ ઓફ બેસ્ટ પ્રતિભા ને ધ્યાન માં લઇ ને તેઓને વ્યક્તિ વિશેષ નો એવોર્ડ આપી સન્માનિત કર્યા હતા ફૂલછાબ પરિવાર દ્વારા પણ ઉત્કૃષ્ટ કામગીરી બદલ એવોર્ડ પર એવોર્ડ અપાયા છે. સાથે મોરબી ની વિવિધ સંસ્થા સંગઠનો ધારાસભ્ય સહિત સંતો મહંતો એ ભાવભર્યું સન્માન કરી બિરદાવ્યા છે.

# વાંકાનેરનાં દિવ્યાંગ સરફુનિશાબેન સરકારી યોજના થકી થયા આર્થિક પગભર

## દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ સહાય મેળવી ઈમિટેશનનો વ્યવસાય શરૂ કર્યો : દિવ્યાંગ લગ્ન સહાય મળવાથી અમારી આર્થિક-સામાજિક પરિસ્થિતિ સુધરીઃ લાભાર્થી સરફુનિશાબેન

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી:વર્તમાન સરકારે સમાજના દરેક વર્ગના લોકો માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે અને તેમાં સમયાંતરે વધુ ઉદારતા બતાવી વધુ લોકોને આવરી લીધા છે. દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટે અને તેમને વિકાસની મુખ્યધારામાં લાવવા અનેક દિવ્યાંગ સહાય યોજનાઓ ચલાવવામાં આવે છે. આવી જ એક દિવ્યાંગ લગ્ન સહાય યોજના થકી મોરબી જીલ્લાના દિવ્યાંગ દંપતીને લાભાન્વિત કરવામાં આવ્યા છે.

મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના કોઠી ગામના સરફુનીશાબેન તોફિકભાઈ માથકીયાએ જણાવ્યું હતું કે, અમે બંને પતિ-પત્ની દિવ્યાંગ છીએ. સમાજ સુરક્ષા કચેરી મોરબી દ્વારા દિવ્યાંગ લગ્ન સહાય મંજૂર કરવામાં આવી હતી. દંપતી દિવ્યાંગ હોવાથી ઘરની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હતી. જેના કારણે અમારા દાંપત્ય જીવનમાં ઘણી વખત નિરાશાઓનો અનુભવ કરતાં હતા. દિવ્યાંગ લગ્ન સહાય મળ્યા બાદ અમારી આર્થિક અને સામાજિક પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યું છે. દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ રૂ.૧,૦૦,૦૦૦ ની રકમ મળી હતી. આ રકમમાંથી અમે ઈમિટેશનનો ધંધો શરૂ કરેલ છે અને આમાંથી અમારા પરિવારનું ગુજરાન ચાલાવીએ છીએ. આ રીતે આર્થિક રીતે પગભર થવા દિવ્યાંગ લગ્ન સહાય અમોને મદદરૂપ થયેલ છે. આ માટે અમે સરકારનો આભાર વ્યક્ત કરીએ છીએ.

સરફુનીશાબેનએ વધુમાં જણાવ્યું હતું કે, અમારા પાસે રોજગારી માટે કોઈ સાધન ન હતું અને અમે બંને પતિ-પત્ની ખેત મજૂરી કરતાં હતા ત્યારે અમારી આર્થિક પરિસ્થિતિ સારી ન હતી. અનેકવાર હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો. સરકારશ્રી દ્વારા મળેલ દિવ્યાંગ લગ્ન સહાય અમારા માટે જીવાદોરી સમાન છે. આ સહાય અમને રોજગારી પૂરી પાડી રહી છે. આ સહાયથી ચાલુ કરેલ ઈમિટેશનના વ્યવસાયમાંથી દર મહિને સારી એવી કમાણી કરી ગુજરાન ચલાવી રહ્યા છીએ.

નોંધનીય છે કે દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ દિવ્યાંગથી દિવ્યાંગ લગ્ન કરે તો રૂ. ૫૦,૦૦૦+રૂ. ૫૦,૦૦૦ લેખે રૂ. ૧,૦૦,૦૦૦ ની તેમજ દિવ્યાંગથી સામાન્ય વ્યક્તિ લગ્ન કરે તો રૂ. ૫૦,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવે છે.

# જામનગરના એરફોર્સ-૧ જેવા સુરક્ષિત વિસ્તારમાં આવેલા ચાર રહેણાક મકાનોમાં ચોરી

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના એરફોર્સ-૧ વિસ્તારમાં આવેલા એક વોરંટ ઓફિસર સહિતના ચાર એરફોર્સ ના અધિકારી- કર્મચારીના બંધ મકાનોને કોઈ તસ્કરોએ નિશાન બનાવી લઈ ચારેય મકાનોમાંથી રૂપિયા પોણા બે લાખની માલમતા ઉઠાવી ગયાની ફરિયાદ સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.આ ફરીયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં એરફોર્સ સ્ટેશનમાં રહેતા અને વોરંટ ઓફિસર તરીકે ફરજ બજાવતા મૂળ ઉત્તર પ્રદેશના વતની કમલેશ મોહનભાઈ ચતુર્વેદી, કે જેઓ પોતાના મકાનને તાળુ મારીને પરિવાર સાથે પોતાના વતનમાં ગયા હતા, પાછળથી તેમના બંધ રહેણાંક મકાનના તાળાં તોડી કોઈ તસ્કરો એ અંદર પ્રવેશ મેળવી લીધો હતો, અને મકાનમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ રકમ સહિત રૂપિયા ૮૧,૦૦૦ની માલમતા ચોરી કરી લઈ ગયા હતા.તેઓએ જામનગર પરત આવ્યા પછી મકાનમાં ચેક કરતાં ઉપરોક્ત ચોરી થઈ હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. દરમિયાન તેની આસપાસમાં આવેલા અન્ય ત્રણ મકાનોને પણ તસ્કરોએ નિશાન બનાવી લીધું હતું.

જેમાં પાડોશી અમોત સંજયભાઈ નામના કર્મચારી ના મકાનમાંથી રૂપિયા ૩૫,૦૦૦ની માલમતાની ચોરી થઈ હતી, જ્યારે અન્ય પાડોશી એ.પી. દીક્ષિત ના બંધ મકાનમાંથી રૂપિયા ૨૫,૦૦૦ની માલમતા ચોરાઈ હતી. જ્યારે ચોથા પાડોશી અખીલનાથ ડકુઆ ના મકાનમાંથી પણ ૩૫,૦૦૦ની માલમતા ની ચોરી થઈ ગયા નું જાણવા મળ્યું હતું.

# હું ભાજપનો એક સામાન્ય કાર્યકર છું, રાજકોટની ધરતીને પ્રણામ કરવા આવ્યો છું:પરસોત્તમ રૂપાલા

## રાજકોટ શહેર તેમજ જિલ્લા ભાજપના હોદેદારો,રાજકોટના નગરજનો, કાર્યકર્તાઓ, સાંસદ તથા મેયર સહિતના પદાધિકારીઓનો આભાર માનતા કેન્દ્રીયમંત્રી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**

સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા ગત શનિવારે ઉમેદવારોના નામની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી હતી. જેમાં ૧૯૫ બેઠકો માટે ઉમેદવારો જાહેર કરાયા છે. રાજકોટ લોકસભા બેઠક પરથી કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાને ટિકિટ આપવામાં આવી છે. ઉમેદવાર જાહેર કરાયા બાદ આજે પ્રથમવાર રાજકોટ પધારેલા રૂપાલાનું શહેર ભાજપ દ્વારા શાનદાર સ્વાગત કરવામાં આવ્યુ હતું.

લોકસભાની આગામી ચૂંટણી માટે ભાજપ દ્વારા રાજકોટ બેઠક પરથી ઉમેદવાર તરીકે કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાના નામની ઘોષણા કરી છે. શહેર ભાજપના તમામ શ્રેણીના કાર્યકર્તાઓમાં જબરજસ્ત ઉત્સાહ જોવા મળે રહ્યો છે. સૌરાષ્ટ્રની તમામ બેઠકો પૈકી રાજકોટ લોકસભા બેઠક પરથી પરસોત્તમભાઈ રૂપાલાને રેકોર્ડબ્રેક

## રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાનું ઉષ્માભેર સ્વાગત

લીડથી જીતાડવા કાર્યકરો અત્યારથી જ ખભે ખભા મિલાવી કામ કરી રહ્યા છે.ઉમેદવાર જાહેર કરાયા બાદ આજે સવારે ૧૦ કલાકે પરસોતમભાઈ રૂપાલા પ્રથમ વખત રાજકોટની મુલાકાતે આવી આવ્યા છે. તેઓ અમદાવાદથી બાય રોડ રાજકોટ આવી પહોંચ્યા હતા. પારેવડી ચોક ખાતે શહેર ભાજપના હજ્જારો કાર્યકર્તાઓ પોતાના લોકલાડીલાનેતા અને ઉમેદવારને ફુલડે વધાવ્યા હતા. ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું.સાથોસાથ આતશબાજી પણ કરવામાં આવી હતી. પારેવડી ચોકથી ૧૫૦ ફૂટ રીંગ રોડ સ્થિત શહેર ભાજપના લોકસભા ચૂંટણીના મધ્યસ્થ કાર્યાલય સુધી એક વિશાળ રેલીનું પણ યોજાઈ હતી.

આજે રાજકોટની મુલાકાતે આવેલા કેન્દ્રીયમંત્રી અને રાજકોટ લોક્સભા બેઠક માટેના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ કમલમ ખાતે આવેલી ભાજપ કાર્યાલયમાં પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું કે હું ભાજપનો એક સામાન્ય કાર્યકર છું અને રાજકોટની ધરતી પ્રણામ તેમજ ભાજપના કાર્યર્ક્તાઓને વંદન કરવા આવ્યો છું.

આજે સવારે રાજકોટ પહોંચેલા લોક્સભાના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાનું શહેર તેમજ જિલ્લા ભાજપ દવારા ઉષ્માભેર સ્વાગત કરાયા બાદ તેઓએ આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે ફક્ત એકજ દિવસના નોટીસ પીરીયડમાં રાજકોટ શહેર અને જિલ્લા ભાજપની ટીમે જે સ્વાગતનું કામ ર્ક્યું છે તે આવકારદાયક છે. આ માટે તેઓને અભિનંદન આપુ છું. રાજકોટ આવતા પહેલા ચોટીલા ખાતે માં ચામુંડાના આશીર્વાદ લઈ રાજકોટમાં પ્રવેશ ર્ક્યો છે. રાજકોટમાં પ્રવેશતા જ સદગુરુ રણછોડદાસજીના દર્શન કરી પણ ધન્યતા અનુભવી છે.

તેઓએ વધુમાં જણાવ્યું કે ચૂંટણીપંચ દવારા લોક્સભાની ચૂંટણી જાહેરાત બાદ રાજકોટ શહેર અને જિલ્લા ભાજપ દવારા જે કાર્યક્રમનું આયોજન કરાશે તેમાં હું કાર્યક્તા તરીકે જોડાઈશ તેઓએ રાજકોટના નગરજનોનો આભાર પણ માન્યો હતો. અને જણાવ્યું કે તેઓએ પણ મારું ફુલડે સ્વાગત ર્ક્યું છે. રાજકોટના સાંસદ મોહનભાઈ કુંડારિયા, રાજ્યસભાના સાંસદ રામભાઈ તેમજ મેયર સહિતના રાજકોટ ભાજપના સંગઠનના હોદેદારો તેમજ કાર્યકરોનો આભાર માન્યો હતો.

# નાનામવા જય ભીમનગરમાં પીપીપી યોજના લાગુ કરાતા સ્થાનીકોમાં રોષ

## કોર્ટ મેટર હોવા છતાં પીપીપી યોજનાનું કરાયેલું ટેન્ડર રદ કરવાની માંગ સાથે મનપામાં સુત્રોચાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટના નાનામવા સર્વે નં. ૧૨૩ પૈકીની ટીપી સ્કીમ ૨૦માં એફ.પી. નંબર ૫૪-બી ઉપર જયભીમનગરમાં પીપીપી યોજના અંગેનું ટેન્ડર કરાતા સ્થાનિકોએ આજરોજ મહાનગરપાલિકાની સેન્ટ્રલઝોન કચેરી ખાતે આવેલ ગરીબ અને મજુર વર્ગના લોકોના ઘર તથા ધંધાવાળી જગ્યા ઉપર ઈરાદા પૂર્વક પીપીપી યોજના લાગુ કરવામાં આવી ભૂમાફિયા બિલ્ડરોને લાભ આપવામાં આવે તેમ જણાવી ભીમનગરના સ્થાનિકોને સુત્રોચ્ચાર સાથે મ્યુનિસિપલ કમિશનરને પીપીપી યોજનાનું ટેન્ડર રદ રકવાની રજૂઆત કરી હતી. જયભીમ નગરના રહેવાસીઓએ આજરોજ કોર્પોરેશન કચેરી ખાતે આવી મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરી જણાવેલ કે, સદરહું પી.પી.પી. આવાસ યોજના-૨૦૧૩ નું અગાઉ સને- ૨૦૧૪ થી રજુઆતો અને કોર્ટ કાર્યવાહી ચાલું હોવા છતાં પી.પી.પી. યોજના-૨૦૧૩ માં ગરીબ અને મજુર એન શ્રમજીવી અનુ. જાતિના પછાત વર્ગના લોકોના ઘર તથા ધંધા રોજગારવાળી જગ્યા ઉપર ઈરાદા પૂર્વક પી.પી.પી. યોજના-૨૦૧૩ ભીમનગરના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. જે મુળ ટેન્ડર પ્રક્રિયાને લાગુ કરાવી પોતાના માનીતા ભૂમાફીયા બિલ્ડરોને લાભ અપાવવાના ગુપ્ત સાજીસના ભાગરૂપે મુડીવાદી જમીન માફીયાઓને આર્થીક લાભ અપાવવા ટેન્ડર પ્રક્રિયા અમલ કરાવતા હોય તેવું તા.૧૪/૦૨/૨૦૨૩ ના રાજકોટ મ્યુનિ. કોર્પો. ની સાઈટમાં જણાય આવે છે. જેથી નીચે મુજબના મુદાઓ અને રજુઆતને ધ્યાને લઈ પી.પી.પી. યોજના-૨૦૧૩ ને રદ કરવા વિનંતી કરવામાં આવે છે.

# છેતરપિંડી અને બોગસ દસ્તાવેજો બનાવી જમીન પચાવી પાડનાર સહિત બે ઝડપાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**





શહેરમાં નાસતા ફરતા આરોપીઓને શોધવા અંગેની ઉચ્ચઅધિકારીની સુચનાના પગલે પેરોલ ફર્લો સ્કવોડના પીએસઆઈ એમ.જે.હુણ સહિતના સ્ટાફે પ્ર.નગર પોલીસના બોગસ કુલમુખ્તયારનામાના આધારે બોગસ દસ્તાવેજો બનાવી જમીન પચાવી પાડવાના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતો ફરતો ધ્રોલ તાલુકાના ડાંગરા ગામનો શક્તિસિંહ જામભા જાડેજાની ધરપકડ કરી પ્ર.નગર પોલીસના હવાલે કર્યો છે.

જ્યારે એક બનાવમાં સુરત શહેર મહિધરપુરા પોલીસ સ્ટેશનના છેતરપિંડીના તથા આઈ.ટી.એક્ટના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતો ફરતો નયન લલીત હજારે નામનો શખ્સ ગોંડલ રોડ પર આવેલા રામનગરમાં હોવાની હકીક્ત મળતા માલવિયાનગર પોલીસના પીએસઆઈ ડી.એસ.ગજેરા હેડ કોન્સ.અજયભાઈ, અંક્તિભાઈ, ભાવેશભાઈ સહિતના સ્ટાફે ઉમાકાંત ઉધોગનગર પાસેથી આ શખ્સને દબોચી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# સુરેન્દ્રનગરમાં ઝડપાયેલાં નવ લાખના દારૂ પ્રકરણમાં રાજસ્થાની શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર, વઢવાણ**



સુરેન્દ્રનગર શહેરમાં દારૂનું કટીંગ થતુ હોવાની વિગતોને આધારે બી ડિવિઝન પોલીસે ગત તા. ૨૭મી ફેબ્રુઆરીએ રાત્રે દરોડો કર્યો હતો. જેમાં ત્રણ શખ્સો ૨ કાર, દારૂ અને મોબાઈલ સહિત રૂ. ૯.૬૮ લાખની મત્તા સાથે ઝડપાયા હતા. જેમાં દારૂ મોકલનાર રાજસ્થાનના શખ્સને બી ડિવિઝન પોલીસે રાજસ્થાનથી ઝડપી પાડીને વધુ તપાસ હાથ ધરી છે.

સુરેન્દ્રનગર બી ડિવિઝન પોલીસે ગત મંગળવારે તા. ૨૭ના રોજ મોડી સાંજે મુળચંદ રોડ પર વિદેશી દારૂનું કટિંગ થતુ હોવાની બાતમીને આધારે દરોડો કર્યો હતો. જેમાં મુળચંદ રોડ પર રામદેવનગરમાં રહેતો ધરમશી ઉર્ફે ધમો રામસીંગભાઈ પરોડીયા, શિવધારા ફ્લેટમાં રહેતો ગુરમીતસીંગ વજીરસીંગ વીરદી અને લખતર તાલુકાના કડુ ગામે રહેતો વિપુલ વહાણભાઈ પાડેવાડીયા ઝડપાયા હતા. પોલીસે દરોડાના સ્થળેથી દારૂની વિવીધ બ્રાન્ડની ૭૨ બોટલ અને ૧૪૩ બીયરના ટીન મળી કુલ રૂ. ૫૩ હજારનો દારૂ, રૂ. ૬ લાખની બોલેરો કાર, રૂ. ૩ લાખની સેલેરીયો કાર, રૂ. ૧૫ હજારના ૩ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૯,૬૮,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં આ દારૂ રાજસ્થાનના સાંચોરથી નરોત્તમભાઈ નામના વ્યક્તિએ ભરીને આપ્યો હોવાનું ખુલતા પોલીસે ચારેય સામે બી ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. ત્યારે ઝડપાયેલ આરોપી ધરમશી પરોડીયાના રીમાન્ડ દરમિયાન તેને સાથે રાખી પીએસઆઈ એસ.એમ.શેખ, દિનેશભાઈ, અજીતસીંહ સહિતનાઓએ રાજસ્થાનમાં વોચ રાખી રાજસ્થાનના ઝાલોર જિલ્લાના તીલોડા ગામના ૨૪ વર્ષીય જબરારામ ઉર્ફે નરોત્તમ સાલુરામ પરીહારને ઝડપી લીધો છે. આ શખ્સને કોર્ટમાં રજૂ કરવાની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે.

# ઊનાના મોટાડેશર ગામે વિદેશી દારૂ-બિયર સાથે બુટલેગરની ધરપકડ

**મુખ્ય સમાચાર, ઊના**



ઉનાના મોટા ડેશર ગામમા વેણમાં રહેતા શખ્સે પોતાના નવા બનતા રહેણાક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો રાખી ગે.કા હેરાફેરી કરતો હોવાની ચોક્કસ બાતમી આધારે પોલીસે રેઇડ દરમ્યાન દારૂની બોટલો બિયર ટીનના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે..

આ અંગેની માહિતી મુજબ ભરત અરજણભાઈ ભાલીયા મોટા ડેશર ગામના વેણ વિસ્તારમાં રહે છે. અને આ શખ્સે પોતાના રહેણાંક મકાનમાં ગેર કાયદેસર વિદેશી દારૂનો જથ્થો રાખી બરોબર સપ્લાઈ કરતો હોવાની બાતમી પોલીસને મળતા રહેણાંક નવા મકાનમાં ગેર કાયદેસર વિદેશી દારૂની અલગ અલગ બોટલો અને બિયરો મળી કુલ ૪૩૭ જથથો તેમજ મોબાઇલ ફોન સહીત કુલ રૂ.૩૯,૩૫૦ના મુદ્દામાલ સાથે શખ્સને ઝડપી પાડયો હતો. અને આ દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો. અને ક્યા લઈ જઈ ક્યાં પોહચાડવાનો હતો. તેની વધું આગળની પૂછપરછ કરી કાર્યવાહી હાથ ધરેલ છે.

# ભુમાફીયાની જબરી હીંમતઃ લોધિકાના માખાવડ ગામે સરકારી જમીન પર ફાર્મ હાઉસ બનાવી નાંખ્યું

## ૪૦ કરોડની જમીન ખુલ્લીઃ જિલ્લા કલેકટરના આદેશ બાદ સરકારી ખરાબામાં ઉભા થઇ ગયેલા ૧૦ ખેડૂતોના દબાણ ઉપર બુલડોઝર ફરી વળ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**







લોધિકા તાલુકાના માખાવડ ગામે સરકારી જમીન ઉપર દબાણ ઉભા કરી ફાર્મહાઉસ સહિતના દબાણ કરી લેવામાં આવતા જિલ્લા કલેકટરના આદેશ બાદ લોધીકા મામલતદાર અને તેમની ટીમે આઠેક વર્ષ જુના ૧૦ અલગ અલગ ખેડૂતોના બાંધકામ અને ફેન્સીંગ કરાયેલ જમીન ઉપર બુલડોઝર ફેરવી દઈ અંદાજે ૪૦ કરોડની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરાવી હતી.

આ અંગેની માહિતી મુજબ રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના માખાવડ ગામે આવેલ સરકારી ખરાબાની રેવન્યુ સર્વે નંબર ૩૦૫ પૈકી ૫૦ સર્વે ૩૧ એકર જમીન ઉપર જુદા-જુદા ૧૦ આસામીઓ દ્વારા દબાણ ઉભા કરી લઈ જમીન ફરતે તાર ફેન્સીંગ કરી લઈ કેટલાક કિસ્સામાં તો ફાર્મહાઉસ જેવા દબાણ ઉભા કરી લેવામાં આવતા જિલ્લા કલેકટરના આદેશ બાદ લોધીકા મામલતદાર અને તેમની ટીમે આઠેક વર્ષ જુના આઠ અલગ અલગ ખેડૂતોના બાંધકામ અને ફેન્સીંગ કરાયેલ જમીન ઉપર બુલડોઝર ફેરવી દઈ અંદાજે ૪૦ કરોડની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરાવી હતી. દરમિયાન રાજકોટ જિલ્લાના વિછિયા તાલુકા મામલતદાર દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત તાલુકાના બેલડા ગામે ખાતરના ઉકરડાના દબાણ ખુલ્લા કરાવી જાહેરમાર્ગો ઉપર થયેલ દબાણ પોલીસને સાથે રાખી દૂર કરાવ્યું હતું.

# જેતપુરમાં મોંઘીદાટ નકલી વિદેશી દારૂ બનાવતી મીની ફેક્ટરી ઝડપાઈ

## રૂરલ એલસીબીની ટીમે દરોડો પાડી અલગ અલગ બ્રાંડની ૬૭૫૪ બોટલ દારૂ કબજે કરી, અલગ અલગ કંપનીના સ્ટીકર તથા ખાલી બોટલો કરી જપ્તઃ અગાઉ દારૂ અને મારામારી સહિત ૭૦ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલો નામચીન બુટલેગર અનિલ ઉર્ફે ડબલીનું નામ ખુલતા શોધખોળ

**મુખ્ય સમાચાર રાજકોટ**





રાજકોટ શહેર અને જિલ્લામાં વિદેશી દારૂનું સેવન કરતા પ્યાસીઓ માટે માઠા સમાચાર સામે આવ્યા છે. શહેર અને ગ્રામ્યમાં વેંચાતી મોંઘીદાંટ વિદેશી દારૂ નકલી હોવાનું સામે આવતા ભારે ચકચાર મચી જવા પામી છે. જેતપુરમાં નામચીન બુટલેગરના રહેણાંક મકાનમાંથી રૂરલ પોલીસે મોંઘીદાંટ નકલી વિદેશી દારૂ બનાવવાની મીની ફેકટરી ઝડપી લઈ રૂ.૧૦.૬૦ લાખનો મુદ્દામાલ કબજે ર્ક્યો છે. જ્યારે જેતપુરનો નામચીન બુટલેગર અનીલ ઉર્ફે ડબલી નાસી જતા પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ જેતપુરમાં સસ્તો દારૂ મોંઘીદાટ વિદેશી દારૂની બોટલોમાં ભળી નકલી દારૂ વેંચવાની મીની ફેક્ટરી ધમધમતી હોવાની માહિતી મળતા રૂરલ એલસીબી ટીમના પીઆઈ વી.વી.ઓડેદરા ના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ બી.જી.બડવા, પીએસઆઈ એચ.સી.ગોહિલ, હેડ કોન્સ.નિલેશભાઈ ડાંગર, દિવ્યેશભાઈ સુવાસહિતના સ્ટાફે જેતપુર સીટીપોલીસ સ્ટેશનના ડોબરીયા વાડી વિસ્તારમાંથી પ્રોહીબીસનના લિસ્ટેજ બુટલેગર અલગ અલગ ૭૦ જેટલા ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલો અનિલ ઉર્ફે ડબલી મનસુખ બારીયા રહેણાંક મકાનમાં દરોડો પાડતા આ નામચીન બુટલેગર પોલીસ આવવાની ભાળ મળી જતા નાસી ગયો હતો. પોલીસ રહેણાંક મકાનની અંદર બેડ નીચે ભોયતળીયામાં મોટું ચોર ખાનું બનાવી છુપાવી રાખેલ વિદેશી દારૂની અલગ અલગ બ્રાંડની નાની મોટી બોટલો તથા બીયરના ટીન તથા સ્ટીકરસ તથા ખાલી નવી બોટલો મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી જ ૬૭૫૪ બોટલ દારૂ તથા ૪૦૭ બીયરના ટીન સહિત કુલ રૂ.૧૦.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી નામચીન બુટલેગર બાપુની વાડી વિસ્તારમાં રહેતો અનિલ ઉર્ફે ડબલી મનસુખ બારૈયાની શોધખોળ આદરી છે. પોલીસે આ નામચીન બુટલેગરનો ગુનાહિત ઈતિહાસ ચેક કરતા અગાઉ આ આરોપી અનિલ ઉર્ફે ડબલી ૫૮ દારૂના ગુનામાં તથા મારામારી, લૂટ, ધમકી, એટ્રોસીટી સહિત નવ ગુના અને જુગારના ત્રણ ગુના સહિત કુલ ૭૦ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે.